અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

29 NOVEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 148 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886


3  રાહુલ બોલ્યા- પ્રદૂષણ પર મોદીજી કેમ ચૂપ છે : માતાઓ મને કહે છે

4  સુમતિ સુમુખી અને સુલોચની એ ત્રણેય શબ્દો અલૌકિક જગતની સાવધાની બતાવે છે.

6  U-19 એશિયા કપ માટે ભારતીય ટીમ જાહેર : ગુજરાત રાજ્યના પાંચ પ્લેયર્સ સિલેક્ટ થયા

7  સોનું ₹609 મોંઘું થઈને ₹1,26,666 પર પહોંચ્યું


## NEWS BRIEF

## 'ગુજરાત સરકાર 108' લખેલી એમ્બ્યુલન્સમાંથી દારૂ મળ્યો

### જે શીટ ઉપર દર્દીને સુવાડવામાં આવે છે એની નીચે ગુપ્ત રીતે સંતાડેલો; પોલીસને જોઈ ગાડી ભગાવી

મનુષ્યના જીવનની જીવનદાતા ગણાતી એમ્બ્યુલન્સનો ઉપયોગ હવે બૂટલેગરોએ દારૂની હેરાફેરી માટે શરૂ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આરોગ્ય સેવાની આડમાં દારૂ સપ્લાય કરવાના બૂટલેગરોના ઈરાદા પર પાવી જેતપુર પોલીસે સફળતાપૂર્વક પાણી ફેરવી દીધું છે અને મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પાવી જેતપુર પોલીસને બાતમી મળી હતી કે એક એમ્બ્યુલન્સ (નં.GJ 06 Y 0102)માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે શિહોદ જનતા ચોકડી પાસે સઘન વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન સવારે નવ વાગ્યાની આસપાસ બાતમી મુજબની મારુતિ વાન એમ્બ્યુલન્સ આવતાં પોલીસે એને રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે પોલીસને જોતાં જ એમ્બ્યુલન્સના ચાલકે ગાડી ભગાવી મૂકી હતી અને પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ ગયો હતો. ચાલક ફરાર થઈ ગયા બાદ પાવી જેતપુર પોલીસે આ ખાનગી એમ્બ્યુલન્સમાં તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જે શીટ પર દર્દીને સુવડાવવામાં આવે છે એની નીચે ગુપ્ત રીતે સંતાડીને લઈ જવાતી વિદેશી દારૂની કુલ 928 બોટલ મળી હતી. પોલીસે આ દારૂનો જથ્થો કબજે કર્યો હતો, જેની બજાર કિંમત આશરે રૂ. 2,64,480/- થાય છે.

## સાંવરિયા શેઠના ચઢાવાનો રેકોર્ડ તૂટ્યો, કુલ રકમ ₹51 કરોડ થઈ

ચિત્તોડગઢ (મેવાડ)ના કૃષ્ણધામ શ્રી સાંવરિયાજી શેઠ મંદિરને દાનમાં મળેલી રકમએ બધા રેકોર્ડ તોડી નાખ્યા. ગુરુવારે થયેલા છઠ્ઠા અને છેલ્લા રાઉન્ડમાં ગણતરી પૂરી થઈ. આ સાથે બધા રાઉન્ડના રોકડ ચઢાવા, ઓનલાઈન ટ્રાન્ઝેક્શનના રૂપિયા ઉમેરીને કુલ 51 કરોડ 27 લાખ 30 હજાર 112 રૂપિયાનો ચઢાવો આવ્યો. મંદિરના ઈતિહાસમાં આ પહેલીવાર છે, જ્યારે ભંડારાએ 51 કરોડનો આંકડો પાર કર્યો છે. આ વખતે માત્ર રોકડ જ નહીં, પરંતુ ઓનલાઈન માધ્યમોથી પણ ભક્તોએ મોટી શ્રદ્ધા બતાવી. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી કુલ 10 કરોડ 52 લાખ 89 હજાર 569 રૂપિયા મળ્યા. આ પૈસા પાછલા વર્ષોની સરખામણીમાં ઘણા વધારે છે. રોકડ ગણતરીની સાથે ગુરુવારે સોના-ચાંદીનું વજન પણ કરવામાં આવ્યું. એમાં કુલ 207 કિલો 793 ગ્રામ ચાંદી અને કુલ 1204 ગ્રામ 04 મિલિગ્રામ સોનું પ્રાપ્ત થયું. તેમાં ભંડારમાંથી 86.200 કિલો ચાંદી, ભેટ કક્ષમાંથી 121.593 કિલો ચાંદી, ભંડારમાંથી 985 ગ્રામ સોનું, ભેટ કક્ષમાંથી 219 ગ્રામ 400 મિલિગ્રામ સોનું મળ્યું. 19 નવેમ્બરે ભંડાર ખોલવામાં આવ્યો, ભક્તોમાં ઉત્સાહ વધ્યો શ્રી સાંવરિયાજી મંદિરનો ભંડાર 19 નવેમ્બરે ખોલવામાં આવ્યો હતો. ત્યારબાદ ભંડારની ગણતરી સતત કરવામાં આવી. સવારથી સાંજ સુધી નોટો, સિક્કાઓ અને પરચીઓની ગણતરી ચાલુ રહી. મંદિર પરિસરમાં આખો સમય ભક્તોની ભીડ જામી રહી. તમામ રાઉન્ડની ગણતરી ટ્રસ્ટ, પ્રશાસન અને સુરક્ષા વ્યવસ્થાની હાજરીમાં કરવામાં આવી. આ વખતે ભંડાર 19 નવેમ્બરે ખોલવામાં આવ્યો હતો. આ જ દિવસે પહેલા રાઉન્ડની ગણતરી કરવામાં આવી હતી. પહેલા જ રાઉન્ડમાં 12 કરોડ 35 લાખ રૂપિયા નીકળ્યા હતા. આ જોઈને સ્પષ્ટ અંદાજ આવી ગયો હતો કે આ વર્ષે દાનની રકમ પાછલા વર્ષોની સરખામણીમાં ઘણી વધારે રહેવાની છે. 20 નવેમ્બરે અમાસ હોવાને કારણે ગણતરી રોકી દેવામાં આવી હતી. તે પછી 21 નવેમ્બરે બીજો રાઉન્ડ શરૂ થયો. આ રાઉન્ડમાં 8 કરોડ 54 લાખ રૂપિયા પ્રાપ્ત થયા. આ રકમ શ્રદ્ધાળુઓની વધતી આસ્થા દર્શાવે છે.

### કર્ણાટકમાં એક લાખ લોકો સાથે ગીતાનો પાઠ કર્યો; શ્રીકૃષ્ણ મઠમાં સોનાનો કળશ અર્પણ કર્યો

# ગોવામાં મોદીએ શ્રીરામની 77 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું

**ગોવા, તા.28**

શુક્રવારે ગોવાના કાનાકોનામાં શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠમાં પીએમ નરેન્દ્ર મોદીએ પૂજા કરી. તેમણે ભગવાન રામની 77 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું. તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા હોવાનો દાવો કરવામાં આવે છે.

દિવસની શરૂઆતમાં, પીએમ કર્ણાટકની મુલાકાતે ગયા હતા. ઉડુપીમાં, તેમણે શ્રી કૃષ્ણ મઠમાં પૂજા કરી હતી. તેમણે સુવર્ણ તીર્થ મંડપનું ઉદ્ઘાટન કર્યું હતું અને સુવર્ણ કળશ અર્પણ કર્યો હતો. ત્યારબાદ, પીએમએ 100,000 લોકો સાથે ભગવદ ગીતાનો પાઠ કર્યો હતો. પીએમએ ઉડુપીમાં 25 મિનિટનું ભાષણ આપ્યું હતું, જ્યાં તેમણે ગીતામાં ભગવાન કૃષ્ણના ઉપદેશો વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'ભગવદ ગીતા આપણને શીખવે છે કે શાંતિ અને સત્ય પુનઃસ્થાપિત કરવા માટે, જુલમનો અંત લાવવો જરૂરી છે. આ રાષ્ટ્રીય સુરક્ષા નીતિનો સાર છે. અગાઉની સરકારોએ આતંકવાદી હુમલાઓ પછી બદલો લીધો ન હતો, પરંતુ આ નવું ભારત છે.'





### ગોવા: શ્રીરામની 77 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ

બપોરે લગભગ સાંજે 4 વાગ્યે વડાપ્રધાન મોદી દક્ષિણ ગોવાના કેનાકોના સ્થિત શ્રી સંસ્થાન ગોકર્ણ પરતગલી જીવોત્તમ મઠ પહોંચ્યા. આ મઠ ગૌડ સારસ્વત બ્રાહ્મણ વૈષ્ણવ પરંપરાનું પ્રથમ મુખ્ય કેન્દ્ર માનવામાં આવે છે. કેનાકોનામાં વડાપ્રધાને 77 ફૂટ ઊંચી કાંસ્ય નિર્મિત પ્રભુ શ્રીરામની મૂર્તિનું અનાવરણ કર્યું, સાથે જ તેઓ મઠ દ્વારા વિકસિત 'રામાયણ થીમ પાર્ક ગાર્ડન'નું પણ ઉદ્ઘાટન કર્યુ. પ્રતિમાનું નિર્માણ પ્રસિદ્ધ શિલ્પકાર રામ સુતારે કર્યું છે.

## બસ-કંડક્ટરના દીકરાએ 20,000 કરોડનું સામ્રાજ્ય ઊભું કર્યું

### સુરતમાં 10 બાય 12ની ઓરડીમાં બાળપણ વીત્યું, હવે સવજી ધોળકિયા - ગોવિંદ કાકાની પણ સાઈડ કાપી

**સુરત, તા.28**

સુરત એટલે હીરા અને કાપડનું શહેર, પણ આ ઓળખને બદલીને એક બસ-કંડક્ટરના દીકરાએ સુરતના 'સૌથી ધનિક વ્યક્તિ'નું બિરુદ હાંસલ કર્યું છે. સુરતની ધરતી હંમેશાં સાહસિકોની રહી છે. અહીં ગોવિંદ કાકા અને સવજી કાકા જેવા હીરાના વેપારીઓની સફળતાની વાતો ગલીએ ગલીએ ગુંજે છે, પરંતુ અત્યારે સુરતના ઉદ્યોગજગતમાં જે નામ સૌથી મોખરે અને ગર્વ ભેર લેવાઈ રહ્યું છે તે ડાયમંડ કે ટેક્સટાઈલમાંથી નથી આવતું, પણ સૂર્યની ઊર્જામાંથી આવે છે. આ કહાની છે કેપી ગ્રુપના સ્થાપક અને ચેરમેન, ડૉ. ફારુક જી. પટેલની. એક એવી વ્યક્તિની, જેણે ગરીબીને પોતાની મજબૂરી નહીં, પણ મજબૂતી બનાવી. બસ-કંડક્ટરના દીકરા એવા ડૉ. ફારુક જી. પટેલે પોતાનું બાળપણ સુરતમાં 10 બાય 12ની ઓરડીમાં વિતાવ્યું. મહિને 700 રૂપિયાના પગારથી નોકરી શરૂ કરનાર ડૉ. ફારુકે 20,000 કરોડનું સામ્રાજ્ય ઊભું કર્યું, સાથે જ હુરુન ઈન્ડિયા 2025ના રિપોર્ટમાં સુરતના ટોપ-10 ધનિકમાં પ્રથમ સ્થાન હાંસિલ કરી એથર ઈન્ડસ્ટ્રીઝના અશ્વિનભાઈ દેસાઈ, સવજી ધોળકિયા અને ગોવિંદ કાકાની સાઈડ કાપી. કોઈપણ મોટી ઈમારતનો પાયો જમીનની અંદર દબાયેલો હોય છે, જે દેખાતો નથી, પણ આખી ઈમારતનો ભાર ઝીલે છે. ફારુક પટેલના જીવનમાં આ પાયો એટલે તેમના પિતા, ગુલામભાઈ પટેલ. કહાનીની શરૂઆત ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સલાદરા ગામથી થાય છે, જ્યાં 24 માર્ચ 1972ના રોજ ફારુક પટેલનો જન્મ થયો હતો, પરંતુ તેમનું ઘડતર સુરતની ધરતી પર થયું. તેમના પિતા ગુલામભાઈ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ GSRTCમાં બસ-કંડક્ટર તરીકે ફરજ બજાવતા હતા.

## મારા પિતા જીવિત છે કે નહીં? ઈમરાનના દીકરાએ પુરાવો માગ્યો

### પૂર્વ PMનાં સમર્થનમાં દેખાવો કરવા પહોંચેલા CM સાથે મારપીટ, જેલ બહાર પોલીસે લાત-મુક્કા મારી પછાડ્યા

**પાકિસ્તાન, તા.28**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાને ગુરુવારે જેલમાં બંધ પોતાના પિતાના જીવિત હોવાના પુરાવા માગ્યા છે. તેણે કહ્યું હતું કે કોઈને પણ ખબર નથી કે ઈમરાન જીવિત છે કે નહીં. કાસિમે X પર લખ્યું કે તેના પિતાની 845 દિવસ પહેલાં ધરપકડ કરવામાં આવી હતી. છેલ્લાં 6 અઠવાડિયાંથી તેમને એકલા એક 'ડેથ સેલ'માં રાખવામાં આવ્યા છે. ન તો કોઈને તેમને મળવા દેવામાં આવ્યા છે, ન તો કોઈ ફોન કોલ કે મેસેજ આપવામાં આવ્યો છે. કાસિમે કહ્યું હતું કે તેમની ફોઈઓને પણ પોતાના ભાઈને મળવા દેવામાં આવી રહ્યા નથી. આ બધું કોઈ સુરક્ષા નિયમને કારણે નથી, પરંતુ જાણી જોઈને કરવામાં આવી રહેલી કાર્યવાહી છે. સરકાર તેના પિતાની અસલી હાલત છુપાવી રહી છે.



જ્યારે, ઈમરાન ખાનનું સમર્થન કરવા રાવલપિંડીની અડિયાલા જેલ પહોંચેલા ખૈબર-પખ્તુનખ્વા (KP) રાજ્યના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીને પોલીસે ગુરુવારે રસ્તા પર પાડીને માર માર્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કાર્યવાહી સેનાના નિર્દેશ પર કરવામાં આવી હતી. જેલ પરિસરની બહાર ભારે સુરક્ષા તહેનાત હતી અને PTI સમર્થકોની ભીડ સતત વધી રહી હતી.

## મુન્દ્રામાં પતિએ પત્નીની હત્યા કર્યા પછી પોતે પણ આપઘાત કર્યો

**કચ્છ, તા.28**

કચ્છના મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામમાં એક કરુણ ઘટના બની છે. જમીન બાબતે દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. જે દરમિયાન માનસિક બીમારીથી પીડાતા પતિએ પોતાની પત્નીની ચાકુ મારી હત્યા કરી દીધી હતી. જે બાદ પોતે પણ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. હાલ પોલીસે સમગ્ર મામલે પ્રાથમિક તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી અનુસાર, મુન્દ્રાના ઝરપરામાં રહેતા 70 વર્ષીય સ્વવરાજ સેડા લાંબા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા. ગત રાત્રિના સમયે, જમીન બાબતે દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. પુત્ર જમીનમાંથી નામ કઢાવી નાખશે તેવી શંકા રાખી પતિએ પત્ની સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન, સ્વવરાજ સેડાએ અચાનક ચાકુ વડે 65 વર્ષીય પત્ની હીરબાઈ સ્વવરાજ સેડા પર હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં



હીરબાઈબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ મુન્દ્રા પીઆઈ રાકેશ ઠુંમરના નેતૃત્વ હેઠળ પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે હત્યા કરીને ફરાર થયેલા પતિની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન, હત્યા સ્થળથી લગભગ 500 મીટર દૂર બાવળની ઝાડીમાંથી સ્વવરાજ સેડાનો મૃતદેહ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

**ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝાની ભ્રામક જાહેરાતોમાં ન ફસાતા**

## એકવાર રિજેક્ટ થશે તો બીજીવાર નો ચાન્સ, ઇંગ્લિશ લેંગ્વેજની પરીક્ષાનું રિઝલ્ટ તો જોઇશે જ



**અમદાવાદ, તા.28**

વિદેશ જવાની ઘેલછા ધરાવતા લોકોનો ફાયદો ઉઠાવવા માટે લેભાગુ એજન્ટો સતત સક્રિય હોય છે. લોકો સાથે ઠગાઈ થઈ હોય એવી ઘટનાઓ સતત સામે આવતી રહે છે. આવી જ ઘટના ફરી એકવાર બની છે. આ વખતે ઓસ્ટ્રેલિયા જવા માગતા લોકોને નિશાન બનાવાયા છે. અંદાજે દોઢ મહિના પહેલાં જ ઓસ્ટ્રેલિયાની સરકારે એક નિયમમાં ફેરફાર કર્યો હતો. ઘણા વિઝા કન્સલ્ટન્ટ અને એજન્ટ્સે આ નિયમથી જે બદલાવ આવ્યો એના વિશે ખોટી માહિતી ફેલાવી, જેથી કેટલાય ભારતીય વિદ્યાર્થીઓના વિઝા રિજેક્ટ થયા છે. આ મામલે હોબાળો મચતાં ઓસ્ટ્રેલિયાની સરકારને પોતાના દેશની તમામ યુનિવર્સિટીઝ માટે એડવાઈઝરી જાહેર કરવી પડી છે. ઓસ્ટ્રેલિયાની સરકારે કયા નિયમમાં ફેરફાર કર્યો હતો? એનાથી વિઝા એપ્લિકેશન પર શું અસર પડી છે? વિદ્યાર્થીઓ સાથે કેવી રીતે ઠગાઈ થતી? ઓસ્ટ્રેલિયાની સરકારે જે એડવાઈઝરી બહાર પાડી છે એ શું છે? આ તમામ સવાલો અંગે ઈમિગ્રેશન એક્સપર્ટ પાર્થેશ ઠક્કર પાસેથી માહિતી મેળવી હતી. વિઝા એપ્લિકેશન માટે અલગ અલગ એસેસમેન્ટ લેવલ જ્યારે કોઈ વિદ્યાર્થી ઓસ્ટ્રેલિયાના વિઝા માટે એપ્લિકેશન કરે ત્યારે એ એપ્લિકેશનનું એસેસમેન્ટ થાય છે. એસેસમેન્ટ માટે 1, 2, 3 એમ અલગ અલગ પ્રકારનાં લેવલ હોય છે.




# રાહુલ બોલ્યા- પ્રદૂષણ પર મોદીજી કેમ ચૂપ છે : માતાઓ મને કહે છે

■ **અમારા બાળકો ઝેરી હવામાં મોટા થઈ રહ્યા છે, સંસદમાં ચર્ચા થવી જોઈએ**



**દિલ્હી, તા.28**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું કે દિલ્હીમાં વધતા પ્રદૂષણ પર મોદીજી કેમ ચુપ છે. તમારી સરકાર પ્રદૂષણ રોકવા માટે ન તો કોઈ તાત્કાલિક કાર્યવાહી કરી રહી છે, ન કોઈ યોજના કે જવાબદારી દર્શાવી રહી છે.

તેમણે X પર દિલ્હીની મહિલાઓ સાથે પ્રદૂષણ પર વાતચીતનો વીડિયો શેર કર્યો. સાથે લખ્યું- હું જે પણ માતાને મળું છું, તે મને કહે છે કે તેમનું બાળક ઝેરી હવામાં શ્વાસ લઈને મોટું થઈ રહ્યું છે. તેઓ થાકેલા, ડરેલા અને ગુસ્સામાં છે. મોદીજી, ભારતના બાળકો આપણી સામે ગૂંગળાઈ રહ્યા છે.

રાહુલે 1 ડિસેમ્બરથી શરૂ થનારા સંસદના શિયાળુ સત્રમાં પ્રદૂષણ પર વિસ્તૃત ચર્ચાની માંગ કરી. સાથે જ કહ્યું કે આ હેલ્થ ઈમરજન્સીનો સામનો કરવા માટે એક સખત અને તાત્કાલિક લાગુ કરી શકાય તેવા એક્શન પ્લાનની જરૂર છે. આપણા બાળકોને બહાના નહીં પણ સ્વચ્છ હવા જોઈએ. વધુમાં કહ્યું કે ઝેરી હવાને કારણે નાના બાળકો ફેફસાં, હૃદય અને માનસિક બીમારીઓનો શિકાર બની રહ્યા છે. પરંતુ આટલી ભયાવહ રાષ્ટ્રીય આપત્તિ વચ્ચે પણ મોદી સરકાર હાથ પર હાથ ધરીને બેઠી છે અને સમય ઝડપથી આપણા હાથમાંથી સરકી રહ્યો છે. ભારતને તાત્કાલિક આના પર ગંભીર ચર્ચા અને નિર્ણાયક કાર્યવાહીની જરૂર છે - જેથી આપણા બાળકો સ્વચ્છ હવા માટે પણ સંઘર્ષ ન કરે, પરંતુ એક એવા ભારતમાં મોટા થાય જે તેમને સ્વાસ્થ્ય, સુરક્ષા અને વિકાસ માટે સંપૂર્ણ આકાશ આપી શકે. દિલ્હીમાં વધતા પ્રદૂષણથી લોકોને સ્વાસ્થ્ય સમસ્યાઓ અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. સીજેઆઈ સૂર્યકાંત પણ ચિંતિત દેખાયા. તેમણે બુધવારે SIR પર ચાલી રહેલી સુનાવણી દરમિયાન આ વાતનો ઉલ્લેખ કર્યો.

CJIએ કહ્યું, 'મંગળવારે સાંજે મેં દોઢ કલાક ફર્યો હતો. પ્રદૂષણથી તબિયત બગડી ગઈ. તેમણે વધુમાં કહ્યું, 'આપણે જલ્દી ઉકેલ લાવવાની જરૂર છે.

AQIમાં સામાન્ય સુધારો, દિલ્હી-NCRમાં ગ્રેપ-3 ના પ્રતિબંધો હટાવવામાં આવ્યા

દિલ્હી-NCR માં 26 નવેમ્બરના રોજ હવાની ગુણવત્તામાં સામાન્ય સુધારા પછી વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ (CAQM) એ ગ્રેપ-3 ના પ્રતિબંધો હટાવી લીધા. આ સાથે જ દિલ્હીમાં અડધા કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમની સુવિધા અને વાહનો પર લાગેલા પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્કૂલોમાં ચાલી રહેલા હાઈબ્રિડ મોડ ક્લાસ પણ હવે બંધ કરી દેવામાં આવ્યા છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ CAQMના નિર્દેશો પછી 50 ટકા વર્ક ફ્રોમ હોમની વ્યવસ્થા સમાપ્ત થવાની વાત કહી છે. CAQM અનુસાર, છેલ્લા કેટલાક દિવસોના AQI ડેટાની સમીક્ષા કરવામાં આવી. દિલ્હીનો AQI સતત સુધારા પર છે. બુધવારે AQI 327 નોંધવામાં આવ્યો છે, જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં આવે છે પરંતુ ગંભીર કેટેગરીથી નીચે છે.દિલ્હીમાં 11 નવેમ્બરના રોજ ગ્રેપ-3 ના પ્રતિબંધો લાગુ કરી દેવામાં આવ્યા હતા. જેમાં મુખ્યત્વે BS-3 સુધીના ચાર પૈડાવાળા વાહનોના દિલ્હી-NCR માં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. દેશમાં વાયુ પ્રદૂષણનું સંકટ અનુમાન કરતાં ઘણું વધી ગયું છે. 749 માંથી 447 જિલ્લાઓની (લગભગ 60%) હવામાં PM 2.5 નું વાર્ષિક સરેરાશ રાષ્ટ્રીય ધોરણ કરતાં વધુ છે. PM 2.5 નું રાષ્ટ્રીય પર્યાવરણીય વાયુ ગુણવત્તા ધોરણ (NAAQS) 40 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર છે.

19 રાજ્યોમાં પ્રદૂષણનું વાર્ષિક સરેરાશ પણ રાષ્ટ્રીય ધોરણ કરતાં વધુ છે. એક ચિંતાજનક પાસું એ પણ છે કે દેશનો કોઈ પણ જિલ્લો કે રાજ્ય વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના 5 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરના ધોરણ પર ખરું ઉતરતું નથી. 50 સૌથી વધુ પ્રદૂષિત જિલ્લાઓ ચાર રાજ્યો- દિલ્હી, આસામ, હરિયાણા અને બિહારમાં જ કેન્દ્રિત છે.

ઊર્જા અને સ્વચ્છ હવા પર કામ કરતી સંસ્થા સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) ના સેટેલાઈટ આધારિત રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે દિલ્હી, ત્રિપુરા, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મેઘાલય અને ચંદીગઢમાં ચોમાસા સિવાય દરેક ઋતુમાં તમામ જિલ્લાઓ ધોરણ કરતાં વધુ પ્રદૂષિત રહ્યા.



નવી દિલ્હીમાં, તેમના બાળકો ઝેરી હવામાં શ્વાસ લેવા માટે કેવી રીતે સંઘર્ષ કરી રહ્યા છે તે માતાઓ સાથે વાતચીત દરમિયાન લોકસભામાં વિરોધી પક્ષ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી...

## જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ દેખાયા

### ગામમાંથી ખાવાનું લઈને જંગલ તરફ ભાગ્યા; સુરક્ષા દળોનું સર્ચ ઓપરેશન ચાલુ



**જમ્મુ-કાશ્મીર, તા.28**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં શુક્રવારે ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ જોવા મળ્યા, જે બાદ સુરક્ષા દળોએ હાઈ લેવલ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ ત્રણેય શંકાસ્પદ ચિલ્લા બલોઠા ગામમાં એક સ્થાનિક વ્યક્તિ પાસેથી ખાવાનું લઈને નજીકના જંગલ તરફ ભાગી ગયા.

માહિતી મળતા જ સેના અને J&K પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો અને બસંતગઢના ગાઢ જંગલોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. ડ્રોન અને સ્નિફર ડોગ્સ પણ સર્ચિંગ માટે તહેનાત કરવામાં આવ્યા છે. પહાડી અને ગાઢ જંગલ હોવાને કારણે ઓપરેશનમાં મુશ્કેલી આવી રહી છે.

સુરક્ષા દળો ઘરે-ઘરે સર્ચ કરી રહ્યા છે અને વધારાના જવાનો પણ તહેનાત કરવામાં આવ્યા છે. સંભવિત ભાગી છૂટવાના માર્ગો પર અનેક નાકાબંધી કરવામાં આવી છે જેથી કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ બચી ન શકે. સ્થાનિક લોકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સતર્ક રહે અને કોઈપણ શંકાસ્પદ હિલચાલની તાત્કાલિક પોલીસને જાણ કરે.

10 નવેમ્બરે થયેલા દિલ્હી બ્લાસ્ટ બાદથી જ સુરક્ષા દળો જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. આતંકવાદીઓના લિંક તપાસવામાં આવી રહ્યા છે. શુક્રવારે પણ પોલીસે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જમાત-એ-ઈસ્લામી (JeI) સાથે સંકળાયેલા ઘણા લોકોના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. જમ્મુ-કાશ્મીરના 5 જિલ્લામાં શુક્રવારે પોલીસે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જમાત-એ-ઈસ્લામી (JeI) સાથે સંકળાયેલા ઘણા લોકોના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા. પોલીસે તપાસ દરમિયાન ઘણા દસ્તાવેજો સહિત મોબાઈલ, લેપટોપ જપ્ત કર્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે ઘાટીમાં સુરક્ષા અભિયાન હેઠળ શોપિયાં, પુલવામા, શ્રીનગર, બારામુલા અને કુલગામમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું છે. આ દરમિયાન પોલીસ ટીમોએ વેરિફિકેશન કર્યું અને ઘણા લોકોની પૂછપરછ પણ કરી.

જ્યારે જમ્મુ પોલીસે આતંકવાદી ગતિવિધિમાં સામેલ હોવાના આરોપમાં 19 વર્ષના યુવકની ધરપકડ કરી. પોલીસે જણાવ્યું કે તે પાકિસ્તાન સહિત ઘણા વિદેશી નંબરો પર સતત વાત કરી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે તે ઓનલાઈન કટ્ટરપંથી બન્યો હતો અને આતંકવાદી હુમલાનો પ્લાન ઘડી રહ્યો હતો.

## નેપાળે ભારતના 3 વિસ્તારોને પોતાના ગણાવ્યા

### 100 રૂપિયાની નોટ પર વિવાદાસ્પદ નકશો છાપ્યો; ભારતે કહ્યું- આવા દાવાઓથી સત્ય બદલાતું નથી

**નેપાળ, તા.28**




નેપાળે ભારત સાથે ચાલી રહેલા સીમા વિવાદને વધુ ઘેરો બનાવી દીધો છે. તેણે પોતાની નવી 100 રૂપિયાની નોટ પર જે નકશો છાપ્યો છે, તેમાં લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળનો ભાગ દર્શાવવામાં આવ્યો છે, જ્યારે આ ત્રણેય વિસ્તારો ભારતની સરહદની અંદર આવે છે.

ભારતે આ પગલાની સખત ટીકા કરી છે અને તેને એકતરફી કાર્યવાહી ગણાવી, જેમાં ઐતિહાસિક તથ્યોને અવગણવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું-આ નકશો નોટની વચ્ચે આછા લીલા રંગમાં બનેલો છે. આ નકશો માત્ર 100ની નોટ પર છે. 10, 50, 500 અને 1000ની નોટો પર નથી. બેંકનું કહેવું છે કે જૂની 100ની નોટ પર પણ નકશો હતો, હવે તેને માત્ર સરકારી નિર્ણય અનુસાર સુધારવામાં આવ્યો છે.

નોટ પરની બાકીની ડિઝાઈનમાં ડાબી બાજુ માઉન્ટ એવરેસ્ટ છે, જ્યારે જમણી બાજુ નેપાળના રાષ્ટ્રીય ફૂલ (ગુરાંસ)નું વોટરમાર્ક છે. નકશા પાસે લુમ્બિનીનો અશોક સ્તંભ અને તેના પર લખેલું છે - ભગવાન બુદ્ધનું જન્મસ્થળ. જ્યારે પાછળની બાજુએ એક શીંગડાવાળો ગેંડો છે. આ નોટ પર જારી કરવાની તારીખ 2081 બીએસ દર્શાવવામાં આવી છે, જે ગયા વર્ષ 2024ને દર્શાવે છે. નેપાળે 2020માં પહેલીવાર આ સુધારેલો નકશો જાહેર કર્યો હતો, જેને બાદમાં સંસદે મંજૂરી આપી હતી. તે સમયે પણ ભારતે નેપાળના આ પગલાનો વિરોધ કર્યો હતો અને તેને એકતરફી નિર્ણય ગણાવ્યો હતો. ભારતે કહ્યું હતું કે આ રીતે નકશો બદલીને ક્ષેત્ર વધારવાનો પ્રયાસ માન્ય રહેશે નહીં.

ભારતે તે સમયે પણ કહ્યું હતું કે આ એકતરફી અને ખોટો દાવો છે, જેનાથી વાસ્તવિકતા બદલાતી નથી. ભારતે સ્પષ્ટ કહ્યું હતું કે આ ત્રણેય ક્ષેત્રો તેના જ છે અને નેપાળના વિસ્તરણવાદને સ્વીકારવામાં આવશે નહીં.

ભારત હજુ પણ આ ત્રણેય વિસ્તારોને પોતાનો પ્રદેશ કહે છે. બંને દેશો લગભગ 1850 કિમીની સરહદ વહેંચે છે. આ ભારતનાં 5 રાજ્યો- સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાંથી પસાર થાય છે.

## કેનેડામાં કપિલ શર્માના કેફેમાં ફાયરિંગનો આરોપી દિલ્હીથી ઝડપાયો

**દિલ્હી , તા.28**

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે કેનેડામાં કોમેડિયન કપિલ શર્માના કેપ્સ કેફેમાં થયેલા ફાયરિંગના આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ બંધુ માન સિંહ સેખોં છે, જે ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોન ગેંગનો મહત્વનો હેન્ડલર હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, સેખોં ભારતમાં છુપાયેલો હોવાની માહિતી મળી હતી. જેના પછી તેની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી. આરોપી પર આરોપ છે કે તેણે કેનેડામાં થયેલા ફાયરિંગનું કાવતરું ઘડ્યું અને શૂટરોથી લઈને લોજિસ્ટિક સપોર્ટ સુધીની વ્યવસ્થા સંભાળી હતી. ધરપકડ દરમિયાન પોલીસે તેની પાસેથી PX-3 હાઈ-એન્ડ પિસ્તોલ (મેડ ઈન ચાઈના) જપ્ત કરી છે, જેમાં 8 જીવતા કારતૂસ પણ મળ્યા હતા. ખરેખરમાં, કેનેડાના અભિનેતા-કોમેડિયન કપિલ શર્માના કેનેડા સ્થિત કેપ્સ કેફે પર અત્યાર સુધીમાં 3 વખત ફાયરિંગ થઈ ચૂક્યું છે. ત્રણેય વખત ફાયરિંગની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા ગોલ્ડી ઢિલ્લોન અને કુલવીર સિદ્ધુ નેપાલીએ લીધી હતી. ક્રાઈમ બ્રાન્ચનું કહેવું છે કે સેખોં લાંબા સમયથી ભારત અને કેનેડાના ગેંગસ્ટરો વચ્ચે કડી (લિંક) તરીકે કામ કરી રહ્યો હતો. તે ગોળીબાર, ખંડણી અને ધમકી જેવા કેસોમાં સામેલ રહ્યો છે. પોલીસ હવે ગોલ્ડી ઢિલ્લોં ગેંગના અન્ય સભ્યો, ફંડિંગ ચેનલ અને હથિયારોના સપ્લાય નેટવર્કની તપાસ આગળ વધારી રહી છે. આ કાર્યવાહીને હાલના આંતરરાષ્ટ્રીય ગેંગો સામે મોટી સફળતા માનવામાં આવી રહી છે. કપિલ શર્માનો કાફે કેનેડાના સરેમાં આવેલો છે. તે 7 જુલાઈ, 2025ના રોજ ખુલ્યો હતો. ત્રણ દિવસ પછી, 10 જુલાઈના રોજ, કાફે પર ફાયરિંગ થયુ હતું. કપિલના કાફેમાં બીજી ગોળીબારની ઘટના 7 ઓગસ્ટના રોજ બની હતી. કાફેની બારીઓમાં 6 ગોળીઓના નિશાન અને તૂટેલા કાચ જોવા મળ્યા હતા. કપિલના કાફેમાં ત્રીજી ગોળીબાર 18 ઓક્ટોબરના રોજ થયો હતો. ત્યારબાદ, લોરેન્સ ગેંગે સોશિયલ મીડિયા પર એક સંદેશ પોસ્ટ કર્યો, જેમાં લખ્યું, 'વાહેગુરુ જી કા ખાલસા, વાહેગુરુ જી કી ફતેહ.' કુલવીર સિદ્ધુ, ગોલ્ડી ઢિલ્લોન અને હું આજે થયેલા ગોળીબારની જવાબદારી સ્વીકારીએ છીએ. અમને જનતા સાથે કોઈ દુશ્મની નથી. જેમની સાથે અમારો વિવાદ છે તેઓ અમારાથી દૂર રહે.

## રાજસ્થાનના ઘણા શહેરોમાં વરસાદ : MPમાં 1 ડિસેમ્બરથી કોલ્ડવેવનું એલર્ટ

### ઉત્તરાખંડના 4 ધામોમાં તાપમાન માઇનસ 10 ડિગ્રીથી નીચે





**રાજસ્થાન: જયપુરમાં ગાઢ વાદળો છવાયા, સવારથી ઝરમર વરસાદ**

રાજસ્થાનમાં શુક્રવારથી હવામાનમાં ફેરફાર જોવા મળશે. જયપુરમાં સવારથી ઘેરા વાદળો છવાયેલા છે. શહેરના ઘણા વિસ્તારોમાં ઝરમર વરસાદ પણ પડી રહ્યો છે. ઉદયપુર અને અજમેર સહીત ઘણા જિલ્લાઓમાં પણ આજે હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે વરસાદની સાથે ગાઢ ધુમ્મસનું પણ એલર્ટ જાહેર કર્યું છે. બે દિવસ પછી 1 ડિસેમ્બરથી કોલ્ડવેવ શરૂ થવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાનમાં 3 થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે.

**રાજસ્થાન, તા.28**

રાજસ્થાનમાં ઠંડીની અસર ઓછી થઈ ગઈ છે. મોટાભાગના શહેરોમાં શુક્રવાર સવારથી વાદળો છવાયેલા છે. જયપુરમાં ઝરમર વરસાદ પણ થયો. અજમેર, ઉદયપુર અને આસપાસના વિસ્તારોમાં ક્યાંક ક્યાંક હળવા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે 29-30 નવેમ્બરના રોજ રાજ્યમાં ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. 1 ડિસેમ્બરથી કોલ્ડવેવ શરૂ થશે. મધ્યપ્રદેશમાં પણ પહાડી વિસ્તારોમાંથી આવતી ઠંડી હવાની અસર ઓછી થઈ છે. આનાથી દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. ગુરુવારે ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન સહિત 20થી વધુ શહેરોમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું હતું. રાજ્યમાં ડિસેમ્બરથી તાપમાન ઘટવાની અને ઠંડી વધવાની શક્યતા છે. આ તરફ, ઉત્તરાખંડના 4 ધામોમાં તાપમાન માઈનસ 10 ડિગ્રીથી નીચે ગયું છે. ગુરુવારે કેદારનાથમાં પારો માઈનસ 14, બદ્રીનાથમાં માઈનસ 13, ગંગોત્રીમાં માઈનસ 13, અને યમુનોત્રીમાં માઈનસ 9 ડિગ્રી નોંધાયો છે. આદિ કૈલાસમાં પારો માઈનસ 15 ડિગ્રીએ પહોંચી ગયો, જેના કારણે ત્યાં નદી, તળાવ અને ઝરણાં થીજી ગયા છે. લોકો બરફ ઓગાળીને પાણી પી રહ્યા છે. હિમાચલ પ્રદેશના તાબોમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન માઈનસ 7.3 ડિગ્રી અને કુકુમસૈરીમાં પારો માઈનસ 5.7 ડિગ્રી પર પહોંચી ગયો. ઘણા વિસ્તારોમાં પાઈપોમાં પાણી જામવા લાગ્યું છે. કુફરીમાં ગુરુવારે બરફ જામી ગયો હતો. 15 શહેરોનું તાપમાન 5 ડિગ્રીથી નીચે ગગડી ગયું છે. રાજસ્થાન: જયપુરમાં ગાઢ વાદળો છવાયા, સવારથી ઝરમર વરસાદ, આજે ઘણા જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ

રાજસ્થાનમાં શુક્રવારથી હવામાનમાં ફેરફાર જોવા મળશે. જયપુરમાં સવારથી ઘેરા વાદળો છવાયેલા છે. શહેરના ઘણા વિસ્તારોમાં ઝરમર વરસાદ પણ પડી રહ્યો છે. ઉદયપુર અને અજમેર સહીત ઘણા જિલ્લાઓમાં પણ આજે હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે વરસાદની સાથે ગાઢ ધુમ્મસનું પણ એલર્ટ જાહેર કર્યું છે. બે દિવસ પછી 1 ડિસેમ્બરથી કોલ્ડવેવ શરૂ થવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાનમાં 3 થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. મધ્યપ્રદેશ: નવેમ્બરમાં દિવસમાં ગરમી, રાત્રે પણ પારો 15 ડિગ્રીથી ઉપર; બે દિવસ પછી કોલ્ડવેવની આશંકા, ભોપાલમાં 27 નવેમ્બરના રોજ દિવસભર ધુમ્મસ જોવા મળ્યું. રાત્રે તાપમાન 15 ડિગ્રી નોંધાયું. ભોપાલમાં 27 નવેમ્બરના રોજ દિવસભર ધુમ્મસ જોવા મળ્યું. રાત્રે તાપમાન 15 ડિગ્રી નોંધાયું. મધ્ય પ્રદેશમાં નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં કડકડતી ઠંડીને બદલે ગરમી પડી રહી છે. ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન સહિત 20થી વધુ શહેરોમાં ગુરુવારે દિવસનું તાપમાન 26 ડિગ્રી, તો રાત્રિનું તાપમાન 15 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું હતું. જોકે, રાજ્યમાં સવારના સમયે ધુમ્મસ પણ છવાઈ રહ્યું છે. ભોપાલમાં દિવસભર ધુમ્મસની અસર રહે છે. હવામાન વિભાગે 1 ડિસેમ્બરથી રાજ્યમાં તાપમાન ઘટવાની અને શીતલહેરની આશંકા વ્યક્ત કરી છે. હરિયાણા: 12 શહેરોમાં 8 ડિગ્રીથી નીચે તાપમાન, ઠંડી વધુ વધશે; 10 જિલ્લામાં 2 દિવસ ગાઢ ધુમ્મસનું એલર્ટ, હિસારમાં શુક્રવારે સવારે હળવા વાદળો છવાયેલા રહ્યા. ગઈકાલે શહેરનું લઘુત્તમ તાપમાન 5.7 ડિગ્રી નોંધાયું હતું. હિસારમાં શુક્રવારે સવારે હળવા વાદળો છવાયેલા રહ્યા. ગઈકાલે શહેરનું લઘુત્તમ તાપમાન 5.7 ડિગ્રી નોંધાયું હતું. હરિયાણાના 12 શહેરોમાં ગુરુવારે તાપમાન 8 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. કૈથલમાં લઘુત્તમ તાપમાન સૌથી ઓછું, 5.5 ડિગ્રી પર પહોંચી ગયું હતું. હરિયાણામાં શુક્રવારે ઘણા વિસ્તારોમાં હળવા વાદળો છવાઈ રહેવાનું એલર્ટ છે. આના કારણે દિવસ દરમિયાન ઠંડી વધુ વધી શકે છે. 10 જિલ્લાઓમાં શુક્રવાર અને શનિવારે ગાઢ ધુમ્મસની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તેમાં રેવાડી, મહેન્દ્રગઢ, ગુરુગ્રામ, ફરીદાબાદ, નૂંહ, પલવલ અને ભિવાનીનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ

# આણંદને ધિક્કારતા વર્ગીસ કુરિયને ₹1 લાખ કરોડનું 'અમૂલ' સર્જ્યું

1950ના દાયકાની શરૂઆતની વાત છે, જ્યારે વર્ગીસ કુરિયન નામના એક 28 વર્ષીય યુવાન એન્જિનિયર પોતાના જીવનથી કંટાળી ગયા હતા. કેરળના કાલિકટમાં જન્મેલા અને મદ્રાસ અને મિશિગન સ્ટેટ યુનિવર્સિટી (USA)માં સાયન્સ અને એન્જિનિયરિંગનું એજ્યુકેશન મેળવનારા કુરિયનને ગુજરાતના ધૂળિયા, બોરિંગ અને રૂઢિચુસ્ત ગણાતા નાનકડા શહેર આણંદમાં સરકારી ક્રીમરીમાં કામ કરવાની ફરજ પડી હતી. ધાતુશાસ્ત્ર (મેટલર્જી) અને પરમાણુ ભૌતિકશાસ્ત્ર (ન્યૂક્લિયર ફિઝિક્સ)માં માસ્ટર ડિગ્રી સાથે પાછા ફરેલા કુરિયનને ડેરી એન્જિનિયરિંગના બીબાંઢાળ કામથી સખત નફરત હતી.*** પરંતુ પછીનાં વર્ષોમાં સમયનું ચક્ર એવું ફર્યું કે તેઓ ભારતમાં 'શ્વેત ક્રાંતિ' (વ્હાઈટ રિવોલ્યુશન)ના પ્રણેતા બન્યા. આજે પણ તેમનો જન્મદિવસ 26 નવેમ્બર ભારતમાં 'નેશનલ મિલ્ક ડે' તરીકે ઊજવવામાં આવે છે. દિવ્ય ભાસ્કરની ખાસ સિરીઝ 'સ્વપ્નદૃષ્ટા'ના આજના એપિસોડમાં આપણે જાણીએ સવાયા ગુજરાતી એવા ડૉ. વર્ગીસ કુરિયન અને તેમની શ્વેતક્રાંતિ વિશે. યુવાન વર્ગીસ ફક્ત પોતે લીધેલી સરકારી લોનની ચુકવણી કરીને ભાગી જવાની આશામાં સમય પસાર કરી રહ્યા હતા. આ દરમિયાન એક વિચિત્ર ઘટના બની. બોમ્બે મિલ્ક સ્કીમની લેબોરેટરીમાં કેમિસ્ટ તરીકે કામ કરતા તેમના મિત્ર ફિરોઝ મેદોરાએ કુરિયનને કહ્યું કે 'યાર, મારા ભાઈનાં લગ્ન બાબતે હું એક છાયાશાસ્ત્રીની સલાહ લેવા જાઉં છું. મારી સાથે આવ ને. જ્યોતિષી પોતાને ત્યાં સલાહ લેવા આવનારી વ્યક્તિને બપોરના તડકામાં ઊભી રાખતી અને એનો પડછાયો માપીને પ્રાચીન ગ્રંથોમાં આપેલાં વર્ણન સાથે એને મેચ કરીને ભવિષ્યનું ફળકથન કરતો હતો. કુરિયન પોતાને નાસ્તિક માનતા હતા, પણ તેમને આ ભેદી વિદ્યામાં રસ પડ્યો અને માત્ર મજા માટે તેમની સાથે આવવા સંમત થયા. જ્યોતિષીએ કુરિયનનો પડછાયો પણ માપ્યો. જૂના ગ્રંથોમાં જોઈને તેમણે કહ્યું, 'તમે નાસ્તિક છો.' કુરિયને સંમતિમાં ડોકું ધુણાવ્યું. પણ પછીની વાત સાંભળીને કુરિયન સ્તબ્ધ થઈ ગયા. છાયા જ્યોતિષીએ તેમના બાળપણ અને પરિવાર વિશે સચોટ વિગતો આપી. પછી તેમણે આગાહી કરી: 'તમે તમારી વર્તમાન નોકરીથી ખૂબ જ નાખુશ છો, પરંતુ એક મહિનામાં તમે નોકરી બદલી નાખશો અને પછી તમે કારકિર્દી કારકિર્દીની એવી અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચશે, જે તમારી કલ્પનાથી પણ આગળ હશે.' કુરિયને એ વખતે વાત હસી કાઢી, પરંતુ એ વાત સાચી હતી કે નોકરીથી કંટાળેલા કુરિયન છેલ્લા આઠ મહિનાથી રાજીનામાં લખી રહ્યા હતા. જ્યોતિષીની વાત સાચી પડી. એક જ મહિનામાં તેમણે સરકારી ક્રીમરીની નોકરી છોડીને નજીકના 'કૈરા ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ' (KDCMPUL)માં કામ કરવાનું શરૂ કર્યું, જે આજે 'અમૂલ' તરીકે ઓળખાય છે. તેમના જીવનમાં આવેલું આ પરિવર્તન ભારતમાં 'શ્વેત ક્રાંતિ'નો પાયો બનવાનું હતું. એક્ચ્યુઅલી ગ્રેજ્યુએશન પછી કુરિયન TISCO (ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની), જમશેદપુરમાં નોકરી કરતા હતા, જ્યાં તેમના મામા જ્હોન મથાઈ (સ્વતંત્ર ભારતના પ્રથમ રેલમંત્રી અને પછી નાણામંત્રી) પણ હતા.

# સુમતિ સુમુખી અને સુલોચની એ ત્રણેય શબ્દો અલૌકિક જગતની સાવધાની બતાવે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સાવધાનની પાંચમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, આપણે લૌકિક જગતની અને અલૌકિક જગતની સાવધાની વિશે વાત કરી રહ્યા છીએ, ત્યારે આપણે જે પંક્તિનો આશરો લીધો છે, એમાં ત્રણ શબ્દ છે, એનો અર્થ સમજીએ. પહેલી પંક્તિમાં શિવજી પાર્વતીને કહે છે, સાવધાન સુમતિ ભવાની, ભવાની માટે વિશેષણ છે સુબુદ્ધિ વાળી ભવાની! જ્યારે બીજી પંક્તિમાં જનકજી સુનયના ને બે વિશેષણથી સંબોધે છે, સુમુખી, સુલોચની તો આવું શું કામ? આમ તો બધાએ સાવધાન રહેવું જ જોઈએ, પરંતુ વ્યાસપીઠ વિચારે છે કે જે સુબુદ્ધિ છે સુમુખી છે, અને સુલોચની છે એમને વિશેષ જાગૃતિની જરૂર છે, કારણ કે જે દુર્બુદ્ધિ છે, એને તો લોકો એમ કહે કે એમની પાસેથી વધુ શું આશા રાખીએ! એની તો ખબર જ હતી કે આવું જ કરશે! સુખનાં ઘણાં અર્થો છે, જે મુખ નિંદા ન કરે, ગાળાગાળી ન કરે, અસત્ય ન બોલે, સતત હરિ નામ લે, શુભ બોલે એ બધા સુમુખ છે, એમણે આ બધામાં સાતત્ય જાળવવાની સાવધાની રાખવાની છે, કે મારાં મુખેથી નિંદા ન થવી જોઈએ, અસત્ય ન ઉચ્ચારાય, ગાળાગાળી ન થાય, સતત હરિનામનો જાપ થાય. સુલોચની સુંદર નેત્રો, એટલે દ્રષ્ટિમાં વિવેકની જરૂર છે. સુમતિ એટલે નાક, કાન, આંખ, હોઠ, અને જીભ જેવી આપણી બાહ્યેન્દ્રિયમાં બુદ્ધિને કારણે કોઈ વિકાર આવે નહીં, એની સાવધાની, આ થઈ લૌકિક જગતની સાવધાની.

અલૌકિક જગતની સાવધાનીનાં સૂત્રો ઉલટા છે, જેમ કે આપણે કોઈને રડતાં જોઈએ, તો એને શાંત કરીએ, કહીએ કે ભાઈ ધૈર્ય ધારણ કરો, બધું સરખું થઈ જશે. પરંતુ અલૌકિક જગતમાં તો રડવું એને જ સાવધાની કહેવામાં આવે છે. દુનિય્વી દ્રષ્ટિ નું એક દ્રષ્ટાંત જોઈએ તો, બાળક જન્મે ત્યારે એ ન રડે તો એનાં સ્વાસ્થ્ય પર શંકા પડે છે, કારણકે એનું રડવું તે મૃતક નથી, જાગી રહ્યું છે એનું પ્રમાણ છે. પરંતુ નિરંતર એના હાલતા ચાલતા હાથ સાવધાની ની નિશાની નથી. લૌકિક દ્રષ્ટિએ સતત કોઈને કોઈ કર્મમાં પ્રવૃત્ત રહે, એને સાવધાનીનું પ્રમાણ માનવામાં આવ્યું નથી, ભલે તે સત્કર્મ પ્રેરિત કેમ ન્હોય!; એટલે કે અધ્યાત્મ જગતમાં ચાંચલ્ય એ એક દોષ કે વિકાર છે. આધ્યાત્મ જગતમાં સતત કોઈને કોઈ ક્રિયા કરનારા હાથ કોઈની સામે જોડાઈ જાય, ત્યારે એને સાવધાન માનવામાં આવે છે. જેમ કોઈ તાળું ખોલવું હોય ત્યારે ચાવીને ઊંધી દિશામાં ફેરવવાથી જ એ ખુલે છે, એમ આધ્યાત્મની સાવધાની પણ જરાક જુદી રીતે સમજવી પડશે!; કર્મની રીતે અકર્મણિયે થવું, પરંતુ પ્રમાદી નહીં, એકો એક અંગ સંવેદનાથી સુસભર હોય, અંદર એક નૃત્ય ચાલતું હોય, તો રોમ રોમમાં કોઈનો અવાજ સાંભળીને પુલક ભાવ પ્રગટ થતો હોય, જે ઈષ્ટની કલ્પના કરી છે એનું સ્મરણ થતાં રોમ રોમમાં ઊર્જાનો સંચાર



થવા લાગે! અને આવી ભાવાંતરણની અનૂભૂતિ અધ્યાત્મ જગતની સાવધાની રાખનારને પ્રાપ્ત થાય છે.

જેમની આંખમાં આંસુ આવે એ જ અધ્યાત્મ જગતમાં સાવધાન છે.

સુનિ બિરંચી મન હરષ તન
પુલકિ નયન બહ નીર,
અસ્તુતિ કરત જોરી કર
સાવધાન મતિ ધીર.

આ પાંચેયનું સમન્વિત રુપ અહીં છે, કૃષ્ણ પ્રેમનાં આંસુથી આનંદનું સિંચન થાય છે કે નહીં એની સાવધાની રાખવી. સાવધાન એ છે જેમની આંખમાં આંસુ છે, જેમની બુદ્ધિમાં સ્થિરતા છે, જેની દ્રષ્ટિમાં વિવેક છે, અને વાણી સુંદર સુમધુર છે. અકર્મણ્ય નથી થવાનું પરંતુ ક્યાંક અટકવું પડશે, અબ મેં બહુત નાચ્યો ગોપાલ! કોઈ એવું મળી જાય, જે તમારાં છાપ તિલક એટલે કે ધર્મ નામે જે ધારણા હતી એને છિન્નભિન્ન કરી નાખે, અને એ ચરણોમાં નિશ્ચિત થઈ જઈએ ત્યારે, જોગ લગન ગ્રહ વાર તિથિ બધું જ જાણે અનૂકૂળ થયું હોય એવો અહેસાસ થાય. જોકે ક્યારેક ક્યારેક કોઈની કૃપા આ બધું અનૂકૂળ ન હોય! પ્રતિકૂળ હોય છતાં મળી જાય! સવાલ બસ સાવધાનીનો છે. આવી કેટલીક કૃપા..

૧) માતૃ કૃપા, આપણા સ ઉપર પ્રથમ માની કૃપા છે ઉપનિષદે પણ માતૃદેવો ભવ કહી એને પ્રથમ ક્રમ આપ્યો છે. બધાને પોતાની માં સારી લાગે છે અપવાદ હોય કળિયુગ નો પ્રભાવ હોય પરંતુ માની તુલનામાં અન્ય કોઈ આવી શકતું નથી એવો મારો અનુભવ છે.

૨) પિતૃ કૃપા, પિતાની પણ કૃપા છે, બાળકને ભણાવવા છે, મોટા કરવા છે, ધંધામાં લગાવવા છે, માતા પિતા માન અને સન્માન કરનારની કીર્તિ બળ અને આયુષ્ય વધે છે.

૩) આચાર્ય કૃપા, જેમણે આપણને સાક્ષર બનાવ્યા અથવા તો કંઈક શીખવ્યું.

૪) દેવ કૃપા, બધાં જ દેવોની કૃપા! એમની કૃપાથી દ્રષ્ટિમાં સૌનાં શુભની સ્થાપના થાય અને હું જ શ્રેષ્ઠ એ ભાવ નીકળી જાય.

૫) અતિથિ કૃપા! આપણે આંગણે વગર બોલાવે કોઈ અવધૂત કોઈ બાળક કોઈ ફકીર કે એવું મહેમાન આવી જાય!

૬) ગૌ કૃપા, કોઈએ લાકડી મારી હોય અને આવે એમ નહીં પણ આપણે દરવાજો ખોલીએ અને સવાર સવારમાં ગાય માતા પ્રસન્ન થઈને તમારા આંગણામાં આવે તો સમજવું કે ગૌકૃપા થઈ.

૭) મંત્ર કૃપા, આપણા ગુરુએ આપેલ મંત્ર પર ભરોસો રાખી સતત એનું સ્મરણ કરવાથી મંત્રની બહુ પ્રભાવક કૃપા થાય છે.

૮) ઈષ્ટ કૃપા, આપણાં કુળની આબરૂ બરકરાર રાખે.

૯) સદગુરુ કૃપા, આચાર્ય કૃપા જુદી છે સદગુરુ કૃપા જુદી છે. સદગુરુ નો સીધો સાદો અર્થ કે જે તમારી પ્રસન્નતા માટે ખાય છે, તમારી પ્રસન્નતા માટે જ તમારી સેવા સ્વીકારે છે બાકી એને કોઈ જરૂર નથી પરંતુ આશ્રિત પ્રસન્ન રહે એટલા માટે જ એ બધું કરે છે અને હરી જેની સતત નોકરીમાં રહે એને સેવાની શું જરૂર પડે?

કોઈ બુદ્ધ પુરુષને ઓળખવા માટે ચાર વસ્તુ મહત્વની છે. (૧) જેમની જીભે પ્રેમ પૂર્ણ સત્ય હોય, પ્રિય અને મધુર સત્ય હોય. (૨) એમનાં જીવનમાં શાસ્ત્રની મર્યાદા હોય, એટલે આચરણમાં શાસ્ત્રનો વિવેક હોય.(૩) આંખમાં કરુણાનું અમૃત હોય! પવિત્રતા હોય, (૪) સૌનું શુભ ઈચ્છનાર અને પોષણ કરનારા હોય.

કથાનો જે ક્રમ છે એમાં શિવજી ભવાનીને કથા સંભળાવે છે યાજ્ઞવલ્ક્ય ભારદ્વાજને કથા સંભળાવે છે કાગભુષંડી ગરુડને કથા સંભળાવે છે અને તુલસીજી પોતાના મનને કથા સંભળાવે છે. દક્ષ યજ્ઞમાં જે સતી બળી ગયા હતા એ પાર્વતીના રૂપમાં પ્રગટ થયા અને પછી શિવ અને પાર્વતીના વિવાહ થયા હિમાલયની પુત્રી સાથે શિવના લગ્ન થયા, અને સદાનંદ છ મુખવાળા કાર્તિકેય નામના પુત્રનો જન્મ થયો. કાર્તિકે પુરુષાર્થ નું પ્રતીક છે એને છ મુખ છે એનો મતલબ પુરુષાર્થને છ મુખ હોય છે, જેમને મહેનત કરવી છે, પુરુષાર્થ કરવો છે, કમાવું છે, કાર્યક્ષેત્રમાં રહીને આગળ વધવું છે, એમને કાર્તિક એના ચરિત્ર પરથી બોધ લેવો જોઈએ.

# રમતમાં બટન સેલ ગળી ગયેલા પાંચ મહીનાના બાળકને અમદાવાદ સિવિલના ડોક્ટર્સે બચાવ્યો

- **રમતમાં બટન સેલ (બેટરી) ગળી જવાથી બાળકના જીવ પર જોખમ ઉભું થયું હતું...**

અમદાવાદ, તા. 28

અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગે પાંચ મહિનાના એક માસૂમ બાળકનો જીવ બચાવીને ફરી એકવાર તેમની ઉત્કૃષ્ટ તબીબી સેવાઓનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. રમતમાં બટન સેલ (બેટરી) ગળી જવાથી બાળકના જીવ પર જોખમ ઉભું થયું હતું, પરંતુ હોસ્પિટલની ટીમે ત્વરિત અને જટિલ પ્રક્રિયા દ્વારા બટન સેલને સફળતાપૂર્વક દૂર કરીને બાળકને સમયસર બચાવી લીધો હતો.તાત્કાલિક સારવાર થકી ૫ માસનો 'અયાન' મોતના મુખમાંથી બહાર આવ્યો, અમદાવાદના રહેવાસી એવા રાઘવભાઈના ૫ મહિનાના બાળક અયાનને છેલ્લા કેટલાક દિવસોથી સતત ખાંસી આવતી હતી. ખાનગી હોસ્પિટલમાં એક્સ-રે કરાવતા અન્નનળીમાં ગોળાકાર ફોરેન બોડી ફસાયેલી હોવાનું માલૂમ પડ્યું હતું. માતા-પિતાને બાળક નાના બટન સેલથી રમતો હોવાનું યાદ આવતા, તેઓ તુરંત બાળકને સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. બાળકની સ્થિતિ જોઈને સિવિલ હોસ્પિટલમાં ENT વિભાગ અને બાળરોગ સર્જરી વિભાગે ત્વરિત પગલાં લીધા હતા. બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષીના માર્ગદર્શન હેઠળ, ડૉ. નિરખી શાહની આગેવાની હેઠળની ટીમે તાત્કાલિક ધોરણે બાળકની એન્ડોસ્કોપીની પ્રક્રિયા હાથ ધરી હતી. ડૉક્ટરોએ બેટરીના કેમિકલનું ગંભીર જોખમ નિવાર્યું, એન્ડોસ્કોપી દરમિયાન, અન્નનળીના ઉપરના ભાગમાં ફસાયેલો બટન સેલ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો હતો. આ બેટરીના કેમિકલના કારણે બાળકની અન્નનળીના ઉપરના ભાગમાં ચાંદા (Ulcers) પડી ગયા હતા. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ આ કિસ્સાની ગંભીરતા જણાવતા કહ્યું કે સમયસર સેલ દૂર ન થયો હોત તો બેટરીના કેમિકલથી અન્નનળીમાં છિદ્ર (Perforation) થવાની અને બાળકની સ્થિતિ અત્યંત ગંભીર થવાની શક્યતા હતી. એક અંગત હોસ્પિટલમાંથી તાત્કાલિક સિવિલમાં બાળકને લાવવામાં આવતા અને ડોક્ટરોની ટીમે જટિલ મેનેજમેન્ટ અને સર્જિકલ પ્રક્રિયા દ્વારા આ જોખમ ટાળવામાં સફળતા મેળવી.બાળક સંપૂર્ણ સ્વસ્થતા તરફ, સફળ ઓપરેશન બાદ બાળકને ચાંદા રુઝાવવા માટેની જરૂરી દવાઓ સાથે રજા આપવામાં આવી. ૧૫ દિવસ પછી ફોલો-અપ એન્ડોસ્કોપીમાં અન્નનળીની દીવાલ સંપૂર્ણપણે સામાન્ય જણાતા બાળકને મોઢેથી ખોરાક આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. બાળક અયાન હવે કોઈપણ તકલીફ વિના પહેલાની જેમ ખોરાક લઈ શકે છે. વાલીઓને અપીલ કરતા ડૉ. જોષી જણાવે છે કે નાના બાળકોમાં શ્વાસનળી અને અન્નનળીમાં ફોરેન બોડી જતી રહેવાના કિસ્સા વારંવાર આવતા હોય છે, તેથી બાળક રમતું હોય ત્યારે ઘરના એક સભ્યએ સતત નજર રાખવી ખૂબ જ જરૂરી છે અને નાની બેટરી, સિક્કા કે રમકડાંના નાના ભાગો તેમની પહોંચથી દૂર રાખવા જોઈએ.

# જ્ઞાન ત્રણ રીતે મળી શકે છે, એક મનોમંથનથી,જે સૌથી શ્રેષ્ઠ છે,બીજું અનુસરણથી,જે સરળ છે અને ત્રીજું અનુભવથી જે સૌથી કડવું હોય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે આપણે જોઈએતોશ્રાવણ મહિનો આવ્યો.લક્ષ્મીજીએ પૂર્ણિમાના દિવસે બલિરાજાનેકહ્યું આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી. બલિરાજા પ્રણામ કરે છે અને વિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિ રાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો. લક્ષ્મી જીએ કહ્યું,મારા ઘરમાં બધું છે, પણ એક નથી.આ તારે ત્યાં જે પહેરો ભરે છે તે જોઈએ. તેને તું મુક્ત કર! બલિરાજા પૂછે છે, તે તમારા શું સગા થાય? લક્ષ્મીજીએ જવાબ આપ્યો, એ મારા નારાયણ છે. ત્યાં નારાયણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા છે.

માતા મહાલક્ષ્મી નારાયણ સાથે વૈકુંઠ ધામમાં શ્રાવણ સુદ પૂનમનાં રોજ પધાર્યા તેથી રામાનુજાચાર્ય પંથના મંદિરોમાં તે દિવસે પાટો ત્સવ કરવાનો રિવાજ છે.આ રીતે લક્ષ્મીજી દાન લઈને બંધનમાં પડેલા પ્રભુને છોડાવે છે.દાન સ્વીકારીને પ્રભુ ઋણમાં આવી ગયા અને દ્વારપાળ બનવું પડ્યું, તો સામાન્ય માનવીનું દાન લેવાથી શું થતું હશે તેનો વિચાર કરો. દાન લેવું એ ઘણી મોટી જવાબદારી છે. જવાબદારીની પાત્રતા હોય તે દાન લઈ શકે. વામનચરિત્રની આ કથા પરમ પવિત્ર છે.પિતૃ તિથિના દિવસે આ વામન ચરિત્રનો પાઠ કરવામાં આવે તો પિતૃઓને સદ ગતિ મળે છે.હવે શરણાગતિની કથા શરૂ થાય છે. સત્યવ્રત મનુ મહારાજ કૃતમાલા નદીને કિનારે તપશ્ચર્યા કરતા હતા ત્રિવેન્દ્રમથી દૂર આ નદી છે.અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરી. એકવાર નદીમાં ઊભા રહી તેઓ જળ તર્પણ કરતા હતા. જળ તર્પણ કરતાં એક વખત મનુ મહારાજના હાથમાં માછલુંઆવ્યું તેને તેમણે છોડી દીધું.ત્યારે માછલાએ કહ્યું,હું તમારા હાથમાં આવ્યું, એટલે તમારા શરણે આવ્યું કહેવાઉં.હવે તમે મને છોડી દેશો તો મોટાં માછલા મને મારી નાંખશે માટે મારું રક્ષણ કરો. મહારાજે તેને કમંડળમાં રાખ્યું. એમ કરતાં માછલું મોટું થયું. માછલું કહે કે, મને વિશાળ જગ્યા માં રાખો. મોટી જગ્યામાં રાખ્યું તો ત્યાં વિશાળ સ્વરૂપ ધારણ કર્યું સત્ય વ્રતને આશ્ચર્ય થયું કે, નક્કી આ માછલું સાધારણ નથી,કોઈ ચમત્કારિક લાગે છે. માછલું એ વૃત્તિ છે.વૃત્તિ નાનેથી મોટી થાય છે, છતાં તે બ્રહ્માકાર ન થાય ત્યાં સુધી શાંતિ નથી. જીવ ભલે દુ:ખી થાય, ઈશ્વરને દુઃખ થતું નથી. ઈશ્વર તો સાક્ષી છે, દ્દષ્ટા છે, કર્તા નથી ને ભોક્તા પણ નથી. ઈશ્વર પ્રકાશ છે. દીવાના પ્રકાશે કોઈ ભાગવતનો પાઠ કરે કે કોઈ ચોરી કરે,પણ દીવાને તેના પ્રત્યે ભાવ કે કુભાવ નથી. દીવાનો એક જ ધર્મ છે સર્વને પ્રકાશ આપવાનો. પ્રકાશને કોઈની સાથે સંબંધ નથી. તેવી રીતે પરમાત્મા સર્વના હૃદયમાં રહી દીવાની જેમ પ્રકાશ આપે છે. જીવ પાપપુણ્ય કરે તેની અસર સાક્ષી પરમાત્માને થતી નથી. ઈશ્વર ન કહેવાય નિષ્ઠુર અને ન કહેવાય દયાળુ. તે બધા ગુણધર્મથી પર છે. ઈશ્વરમાં કોઈ ધર્મ નથી.ઈશ્વર આનંદરૂપ છે, સર્વવ્યાપક છે. પરમાત્મા બુદ્ધિથી પર છે.બુદ્ધિમાં પ્રકાશ ઈશ્વરઆપે છે.ઈશ્વરને પ્રકાશ આપનાર કોઈ



નથી.ઈશ્વર સ્વયં પ્રકાશ છે. ઈશ્વર સિવાય સર્વ પર-પ્રકાશિત છે. જ્ઞાની પુરુષો તે સ્વરૂપનો અનુભવ કરતાંબ્રહ્માકાર વૃત્તિ ધારણ કરે છે.વૃત્તિ જ્યારે શ્રીકૃષ્ણાકાર,બ્રહ્માકાર બને,ત્યારે જ શાંતિ મળે છે.ઈશ્વર વિનાબધું અલ્પછે તેથી કોઈપણ વૃત્તિમાં મનોવૃત્તિ શાંત થતી નથી.

લાકડાંમાં અગ્નિ છે પણ તે અગ્નિ નો ઉપયોગ સ્વતંત્રપણે થઈ શકતો નથી.લાકડાંમાં રહેલા અગ્નિ ઉપર બહારનો લૌકિક અગ્નિ મૂકો ત્યારે ભડકો થશે. સ્વયં પ્રકાશ પરમાત્મા સર્વના હૃદયમાં રહી માત્ર પ્રકાશ જઆપે છે,બીજું કાંઈ કરતા નથી.મનને માછલાંની ઉપમા આપવામાંઆવે છે. મત્સ્યનારાયણે કહ્યું,રાજા, તારું કલ્યાણ કરવા હું આવ્યો છું. આજથી સાત દિવસ પછી પ્રલય થવાનો છે. પ્રલયમાં સર્વનો નાશ થશે, પણ હું તારું રક્ષણ કરીશ. મારા ભીંગડામાં તારી નાવડી બાંધી દેજે!સત્યવ્રતે મત્સ્યનારાયણનું શરણું લીધું કે, હું આપને શરણે આવ્યો છું. આપ મને ઉગારો!મત્સ્યનારાયણ એ ગુરુ સ્વરૂપ છે.તેઓ સત્યવ્રત ને પ્રલયમાંથી ઉગારે છે. આમ,આ આઠમા સ્કંધમાં સંતોના ચાર ધર્મ બતાવ્યા૧. આપત્તિમાં ભગવાનનું સ્મરણ,જેમ ગજેન્દ્ર કર્યું તેમ કરવું.૨. સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું,જેમ બલિરાજાએ કર્યું.તેથી વાસનાનો ક્ષય થાય છે.૩.વિપત્તિ માં પણ વચનભંગ ન કરવો. વચન ગમે તે ભોગે પાળવું,જેમ બલિ રાજાએ પાળ્યું.૪.સર્વ અવસ્થામાં ભગવાનનું શરણું. જેમ સત્યવ્રત મત્સ્યનારાયણને શરણે જાય છે, તેમ સંતોના આ ચાર ધર્મો જો માનવી જીવનમાં ઊતારે તો વાસના ઉપાસના બને છે. સત્યનિષ્ઠ જીવ એજ સત્યવ્રત મનુ.કૃતમાલાનો કિનારો એટલે સત્કર્મની પરંપરા તે સત્યવ્રત. જીવાત્માનીવૃત્તિ બ્રહ્માકાર બનેછે ત્યારે મત્સ્યનારાયણ તેનાહાથમાં આવેછે.પ્રલયમાં સર્વનો નાશથાય પણ સત્કર્મ કરનાર અને સત્ય નિષ્ઠા રાખનાર પ્રલયમાં પણ મરતો નથી.એટલે પ્રલયમાં સૌનો નાશ થયો,પણ સત્યવ્રતનો નાશ થયો નહીં. બ્રહ્માકારવૃત્તિ થવી સહેલી નથી. તે માટે જીવે કેટલીક તૈયારી કરવી પડે છે. કામ,ક્રોધ, લોભ,મોહ,મદ,મત્સર વગેરે દુશ્મનોને કાબૂમાં લઈ જીવ બ્રહ્મ સાથે એકાકાર થાય.સર્વ સ્થળે અને સર્વમાં એકમાત્ર પરમાત્માના દર્શન કરે અને આ બધું પરમાત્મા નું છે અને હું પણ પરમાત્માનો છે મારું એવું કંઈ છે નહીં,'હું' જેવું કશું અસ્તિત્વ જ ધરાવતું નથી, જે કંઈ છે બધું પરમાત્મા છે અને પરમાત્માનાં જ આ બધા સ્વરૂપો છે અને એ સ્વરૂપોના ધ્યાનમાં જ્યારે જીવ એકાકાર બને અને પોતાને સ્વમાં અને સર્વને પોતાનામાં અનુભવે ત્યારે એની વૃત્તિઓ શાંત થાય છે. ગુરુકૃપાથી જ જીવ તરી શકે છે. બાકી તો ભગવાનની માયા. એટલે કે આ અફાટ સમુદ્ર જેનો સંસાર દુસ્તર છે તેમાં જીવ તરી શકે તેમ નથી અને ડૂબી શકે તેમ નથી. જીવની ગુરુકૃપા દ્વારા પ્રભુ કૃપા થાય અને એ કૃપાના પ્રભાવે જીવ પોતાનું સર્વસ્વ પ્રભુનેઅર્પણ કરે, સંપૂર્ણ શરણાગત બની સુખ-દુઃખ થી પર થઈ જાય, રાગદ્વેષથી પર થઈ જાય,તે સર્વ કાળે,સર્વ અવસ્થામાં ચિત્તની સ્વસ્થતા અનુભવે ત્યારે તે બ્રહ્માકારવૃત્તિ પ્રાપ્ત કરે છેઅને શાંતિ પામે છે. આ સમયે જ જીવની મોટામાં મોટી આકાંક્ષાપૂરી થાય છે અને પરમકૃપાળુ પરમાત્માનું સાન્નિધ્ય એ અનુભવે છે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ. કામ,ક્રોધ, લોભ,મોહ,મદ,મત્સર વગેરે દુશ્મનોને કાબૂમાં લઈ જીવ બ્રહ્મ સાથે એકાકાર થાય.સર્વ સ્થળે અને સર્વમાં એકમાત્ર પરમાત્માના દર્શન કરે અને આ બધું પરમાત્મા નું છે.

અને હું પણ પરમાત્માનો છે મારું એવું કંઈ છે નહીં,'હું' જેવું કશું અસ્તિત્વ જ ધરાવતું નથી, જે કંઈ છે બધું પરમાત્મા છે અને પરમાત્માનાં જ આ બધા સ્વરૂપો છે અને એ સ્વરૂપોના ધ્યાનમાં જ્યારે જીવ એકાકાર બને અને પોતાને સ્વમાં અને સર્વને પોતાનામાં અનુભવે ત્યારે એની વૃત્તિઓ શાંત થાય છે. ગુરુકૃપાથી જ જીવ તરી શકે છે. બાકી તો ભગવાનની માયા. એટલે કે આ અફાટ સમુદ્ર જેનો સંસાર દુસ્તર છે તેમાં જીવ તરી શકે તેમ નથી અને ડૂબી શકે તેમ નથી. જીવની ગુરુકૃપા દ્વારા પ્રભુ કૃપા થાય અને એ કૃપાના પ્રભાવે જીવ પોતાનું સર્વસ્વ પ્રભુનેઅર્પણ કરે, સંપૂર્ણ શરણાગત બની સુખ-દુઃખ થી પર થઈ જાય, રાગદ્વેષથી પર થઈ જાય,તે સર્વ કાળે,સર્વ અવસ્થામાં ચિત્તની સ્વસ્થતા અનુભવે ત્યારે તે બ્રહ્માકારવૃત્તિ પ્રાપ્ત કરે છેઅને શાંતિ પામે છે. આ સમયે જ જીવની મોટામાં મોટી આકાંક્ષાપૂરી થાય છે અને પરમકૃપાળુ પરમાત્માનું સાન્નિધ્ય એ અનુભવે છે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# એસ.આર.પી.ગ્રુપ પાવડી ખાતે સાંસદ ખેલ મહોત્સવ યોજાયો

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 28

સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર દ્વારા આયોજીત સાંસદ ખેલ સ્પર્ધા (લોકસભા)નો ઝાલોદ તાલુકાના એસ.આર.પી. ગ્રુપ પાવડી ખાતે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર એ પ્રારંભ કરાવ્યો હતો. સાંસદ શ્રી સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદ શ્રી એ સરકારની રમત ગમતને પ્રોત્સાહક નીતિઓ થકી દેશને ઉત્તમ ખેલાડીઓ મળી રહ્યાં હોવાનું જણાવ્યું હતું. આ પસંગે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરએ જણાવ્યું કે, અત્યારે ખેલાડીઓને જે રીતનું ઈજન મળી રહ્યું છે ગત ઓલમ્પિક કરતા પણ વધુ સારૂ પ્રદર્શન કરીને ખેલાડીઓ દેશને મેડલ મેળવી આપશે તેવો વિશ્વાસ સાંસદ શ્રી એ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ખેલ મહોત્સવના આયોજન થકી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં અનેક નવા ખેલાડીઓને પ્લેટફોર્મ પુરૂ પાડયું છે. સાંસદ ખેલ સ્પર્ધા થકી પણ વિવિધ સાંસદ મત વિસ્તારોમાં રમત ગમત અને ખેલાડીઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પ્રાચીન ગ્રંથોમાં વર્ણવામાં આવેલી ૭૨ અને ૬૪ કળાઓમાં ખેલનુ પણ સ્થાન છે. ત્યારે રમત ગમતની આ કળામાં આપણા ખેલાડીઓ ઉત્તમ પ્રદર્શન કરે એ માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વધુમાં સાંસદ શ્રી એ જણાવ્યું કે, દાહોદનાં ખેલાડીઓ ખૂબ પ્રતિભાશાળી છે તેઓ રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરીને દાહોદને ગૌરવ અપાવ્યું છે. વિધાનસભા કક્ષાની રમતોમાં પણ ખેલાડીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું છે ત્યારે આજની રમત સ્પર્ધામાં તેઓ સુંદર પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ સાંસદશ્રીએ આપી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોએ ઉત્તમ પ્રદર્શન કરનારા ખેલાડીઓનું મંચ ઉપરથી બહુમાન કર્યું હતું. મહાનુભાવોએ વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ કરાવ્યો હતો અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ વેળા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભૂરિયા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા પ્રાંત અધિકારી શ્રી એ.કે ભાટિયા સહિત જિલ્લા પંચાયતના સભ્ય શ્રી ઓ તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ, સહિતના અગ્રણીઓ તેમજ ખેલાડીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના 40 વર્ષ નિમિત્તે ઊજવાશે વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ

- 30 નવેમ્બરથી 6 ડિસેમ્બર દરમિયાન યોજાનારા સાત દિવસીય મહોત્સવમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાનો સંગમ રચાશે
- વિશ્વકોશના વડા શ્રી કુમારપાળ દેસાઈ અને ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરીએ પત્રકાર પરિષદને સંબોધીને વિશ્વસંસ્કૃતિપર્વ અંગે આપી જાણકારી



અમદાવાદ, તા. 28

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ છેલ્લાં 40 વર્ષથી ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસાર-પ્રસાર માટે તેમજ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન માટે સતત કાર્યરત છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક કાર્યક્રમમાં નર્મદા જેમ ગુજરાતની જીવાદોરી છે તેજ ગુજરાત વિશ્વકોશ રાજ્યની સાંસ્કૃતિક દોરી છે, એવું કહીને સન્માની હતી, એવી આ સંસ્થા પોતાની 40 વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ દ્વારા કરવા જઈ રહી છે. 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ અંગે જાણકારી આપતાં વિશ્વકોશના વડા અને પદ્મશ્રીથી સન્માનિત સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે 30મી નવેમ્બરથી 6 ડિસેમ્બર દરમિયાન વિશ્વકોશના 40 વર્ષ નિમિત્તે 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે. મહોત્સવ અંગે વધુ માહિતી આપતાં શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા શ્રી અમોલ પાલેકર, વરિષ્ઠ સાહિત્યકાર શ્રી અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી, સ્વરકાર શ્રી અમર ભટ્ટ અને હિમાલી વ્યાસ નાયક, સર્વપ્રથમ એવોર્ડ વિજેતા રેડિયો ડોક્યુમેન્ટરી તૈયાર કરનાર મકરંદ વાઈકર, લેખક-દિગ્દર્શક કમલ જોષી વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. આ મહોત્સવ અંતર્ગત શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણ દવેને એનાયત કરાશે, એવું તેમણે ઉમેર્યું હતું. વિશ્વકોશ અંગે જાણકારી આપતાં શ્રી કુમારપાળભાઈએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ગુજરાત વિશ્વકોશ ઉપરાંત બાળ વિશ્વકોશ, બૃહદ્ નાટ્યકોશ, તબીબી વિજ્ઞાનનો કોશ, નારી કોશ, ગ્રંથાલય વિજ્ઞાન કોશ પણ તૈયાર કરવામાં આવ્યા છે. 180થી વધારે વિષયો પરનો 24,000થી વધુ લખાણો ધરાવતો વિશ્વકોશ આજે ઓનલાઈન પણ ઉપલબ્ધ છે. જેની આજ સુધીમાં ચાર કરોડ એંસી લાખથી વધુ લોકોએ એની મુલાકાત લીધી છે અને દર મહિને દોઢ લાખથી વધુ વિશ્વભરનાં ગુજરાતી ભાષીઓ તેનો ઉપયોગ કરે છે. સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સિવાય વિશ્વકોશ દ્વારા કાર્યશાળાઓ પણ યોજવામાં આવે છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતની આ એક માત્ર સંસ્થા છે કે જ્યાંથી ત્રણ વિશિષ્ટ પ્રકારનાં સામયિકો પ્રગટ થાય છે. દર મહિને પ્રકાશિત થતા એના મુખપત્ર 'વિશ્વવિહાર' સામયિકમાં વિશ્વની ગતિવિધિ આલેખતા ભિન્ન ભિન્ન વિષયો પર લેખો પ્રસિદ્ધ થાય છે.

# ખેડૂતોએ માછણ નાળા સિંચાઈ યોજનામાં પિયત પાણી છોડવાની કરી તાત્કાલિક માંગ

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 28

ઝાલોદ તાલુકાના ખેડૂતોને રવિ સિઝનમાં પિયત પાણી ન મળતા ચિંતા તથા અસંતોષની લાગણી ફેલાઈ રહી છે. માછણ નાળા સિંચાઈ યોજનાની નહેરોમાં હાલ સુધી પાણી મળ્યું નથી જેના કારણે ઘઉં સહિતના પાક સુકાવાની કગાર પર પહોંચી રહ્યા છે. કમોસમી વરસાદથી એક પાક બરબાદ થયેલો હોય અને હવે રવિ સિઝનમાં પણ પાણી અભાવે ખેતી પર સંકટ ઊભું થવાથી ખેડૂતોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. સરકારી નિયમ મુજબ 14 નવેમ્બરથી સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થવું જોઈએ, છતાં પંદર દિવસ વીતી ગયા છતાં પણ નહેરોમાં પાણી પ્રવાહિત થયું નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે રવિ પાક માટેનું પાણી મળવામાં મોડાશાહ થવાથી પાક નબળો પડી રહ્યો છે અને આવતા દિવસોમાં પાક સંપૂર્ણ રીતે બગડવાનો ખતરો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, જો આ પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો મહેનત, બીજ, ખાતર તથા અન્ય ખર્ચ પર પાણી ફરી વળશે. ઓછા વરસાદને કારણે પહેલો પાક ડૂબી ગયેલો, અને હવે સિંચાઈ ન મળતાં બીજી સીઝન પણ જોખમમાં હોવાથી ખેડૂતો દેવાના બોજ હેઠળ દબાઈ જશે તેવું શક્ય છે. તેથી ખેડૂતોએ પ્રાંત કચેરીમાં અરજી કરીને તાત્કાલિક નહેરોમાં પાણી છોડવાની માંગ સત્તાવાર રીતે રજૂ કરી છે. કેનાલોની દુરસ્તી માત્ર કાગળોમાં? ઝાડી ઝાંખરા સાથે કાદવ અને પથ્થર - સફાઈ કામગીરી પર સવાલો તીર, માછણ નાળાની કેનાલોની સફાઈ વિશે ખેડૂતો ગંભીર શંકા વ્યક્ત કરી રહ્યા છે. સફાઈના નામે માત્ર કાગળોમાં કામ પૂર્ણ બતાવવામાં આવે છે જ્યારે નહેરોની સાઈટ પર કાદવ, પથ્થર અને ભારે ઝાંખરા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કેટલીક જગ્યાએ બહારની ઝાંખરા સાફ થયાનો દાવો છે પરંતુ નહેરોની અંદરની મૂળ સફાઈ થતી નથી, જે પાણીના વહેણને અવરોધી શકે છે. ખેડૂતોમાં ચર્ચા છે કે કેનાલ મેન્ટેનન્સ માટે સરકાર તરફથી ફાળવાતી ગ્રાન્ટ ક્યાં ખર્ચાય છે? જો ગ્રાન્ટ મળે છે તો તેનો વપરાશ કેટલો અને ક્યાં થાય છે? આ પ્રશ્નો સાથે ખેડૂતોના મનમાં શંકા, રોષ અને અવિશ્વાસ બંને વધી રહ્યા છે. સરકાર અને વિભાગ માટે મહત્વની સૂચના - ખેડૂત હિતમાં તરત નિર્ણય લેવો જરૂરી, ખેડૂતોના હિતમાં તાત્કાલિક પાણી છોડવા અંગે વિભાગ પગલાં લે તે સમયની માંગ છે. રવિ પાક દેશની આર્થિક રચનાનો આધાર છે, અને નહેરોમાં સમયસર પાણી છોડાય તો ખેડૂતોનું ભવિષ્ય બચી શકે છે. પોઝિટિવ દિશા :, પાણી વહેંચણી સમયસર શરૂ થાય તો રવિ પાક સમૃદ્ધ, ખેડૂતોનું નુકસાન અટકી શકે, સરકાર-વિભાગ-ખેડૂત વચ્ચે વિશ્વાસ પુનઃસ્થાપિત, નેગેટિવ દિશા (વાસ્તવિક ચિંતાઓ) : સિંચાઈ વિલંબથી પાક સુકાઈ જવાની શક્યતા, માછણ નાળા સફાઈ કાગળો સુધી મર્યાદિત હોવાનો આક્ષેપ, ખેડૂતો દેવામાં દબાઈ જવાની સંભાવના.

# અમદાવાદ જિલ્લામાં વિવિધ રાજકીય પક્ષોને મતદાર યાદીમાં નામ શોધવા તેમજ વોટર્સ એપના ઉપયોગ અંગે માહિતગાર કરાયા








- અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને voters.eci.gov.in વિશે લાઇવ નિદર્શન કરાયું
- તા. ૨૯ અને ૩૦ નવેમ્બરે અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા બેઠકોમાં વિશેષ કેમ્પનું આયોજન
- મતદાર યાદીમાં નામ શોધવા સંદર્ભે તેમજ voters.eci.gov.in વેબસાઇટના ઉપયોગ અંગે માહિતગાર કરાયા હતા
- તા. ૨૯ના રોજ બપોરે ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધી, જ્યારે તા. 30 નવેમ્બરના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી કેમ્પ યોજનાર છે.

અમદાવાદ, તા. 28

અમદાવાદ જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR) અંતર્ગત કલેક્ટર કચેરી ખાતે અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ ઠક્કર દ્વારા માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી, તેમને મતદાર યાદીમાં નામ શોધવા સંદર્ભે તેમજ voters.eci.gov.in વેબસાઇટના ઉપયોગ અંગે માહિતગાર કરાયા હતા.

જે અંતર્ગત, વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિશ્રીઓને https://voters.eci.gov.in/ વેબસાઇટ પર જઈને https://voters.eci.gov.in/searchInSIR/S2UA4DPDF-JK4QWODSE વર્ષ-૨૦૦૨ના છેલ્લાં SIRમાં મતદારનું કે તેના સગાસંબધીનું નામ કેવી રીતે સરળતાથી મતદાર શોધી શકે તે ઓનલાઈન બતાવામાં આવ્યું હતું.

વધુમાં, શ્રી ઠક્કરે જણાવ્યું કે આગામી શનિ તથા રવિવારે ચૂંટણીપંચની સૂચના અનુસાર જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં SIR સંદર્ભે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૯ના રોજ બપોરે ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધી, જ્યારે તા. ૩૦ નવેમ્બરના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી કેમ્પ યોજનાર છે. જેમાં મતદારો તેમનાં ફોર્મ સ્થળ આપી શકશે તેમજ સ્વેચ્છાએ ચૂંટણી પંચ દ્વારા માન્ય પુરાવા પણ રજૂ કરી શકશે.

આ બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તરફથી મળેલા મહત્ત્વપૂર્ણ સૂચનો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, સામાન્ય નાગરિકોને પડતી વ્યવહારુ મુશ્કેલીઓ બાબતે ચર્ચા કરી, મુશ્કેલીઓના ત્વરિત અને વ્યવહારુ નિવારણ માટે અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા આવશ્યક માર્ગદર્શન અને સંબંધિતોને જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લામાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝૂંબેશ સરળતાથી અને ક્ષતિરહિત પરિપૂર્ણ થાય, તે માટે તમામ માન્ય રાજકીય પક્ષોને જિલ્લા ચૂંટણી તંત્રને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

# રસ્તા ઉપયોગકર્તાઓ માટે આ અવધિ દરમિયાન વૈકલ્પિક માર્ગ નીચે મુજબ રહેશે

અમદાવાદ, તા. 28

તારીખ 29 નવેમ્બર 2025 થી 08 ડિસેમ્બર 2025 સુધી માત્ર રાત્રે 23.00 વાગ્યાથી સવારે 06.00 વાગ્યા સુધી શાહીબાગ અન્ડરપાસ ટ્રાફિક માટે બંધ રહેશે.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર આવેલ અન્ડરપાસ સંખ્યા 731 A (કિ.મી. 498/28-30), શાહીબાગ અન્ડરપાસ, તારીખ 29 નવેમ્બર 2025 થી 08 ડિસેમ્બર 2025 સુધી માત્ર રાત્રે 23.00 વાગ્યાથી સવારે 06.00 વાગ્યા સુધી મરામત અને જાળવણીના કામને કારણે ટ્રાફિક માટે બંધ રહેશે.

રસ્તા ઉપયોગકર્તાઓ માટે આ અવધિ દરમિયાન વૈકલ્પિક માર્ગ નીચે મુજબ રહેશે:

1. દિલ્હી દરવાજા તથા સુભાષબ્રિજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રિજના છેડે શિલાલેખ ફ્લેટ થઈ રિવરફ્રન્ટ માર્ગનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગે ડફનાળા થઈ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઈ શકાશે.
2. એરપોર્ટ-ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ-અલગ માર્ગે જઈ શકાશે. તેમજ અસારવા, ગીરધરનગર,દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઈ આચાર્ય મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઈ શકાશે.

# તારીખ 29 નવેમ્બર 2025થી 01 ડિસેમ્બર 2025 સુધી રેલવે ક્રોસિંગ નંબર 29 C (અહમદપુરા ફાટક) બંધ રહેશે

અમદાવાદ, તા. 28




અમદાવાદ મંડળના નાંદોલ દહેગામ-રખીયાલ સેક્શન વચ્ચે આવેલ રેલવે લેવલ ક્રોસિંગ નંબર 29 C (અહમદપુરા ફાટક) પર મેંટેનન્સ, રબરાઈઝેશન તથા ઓવરહોલિંગ કાર્ય માટે 29 નવેમ્બર 2025ના રોજ સવારે 09:00 વાગ્યાથી 1 ડિસેમ્બર 2025ના રોજ સાંજે 19:00 વાગ્યા સુધી બંધ રહેશે. આ સમય દરમિયાન માર્ગ સલામતી તથા કામકાજને ધ્યાનમાં રાખીને સંબંધિત માર્ગ પર તમામ પ્રકારના વાહનોનું અવરજવર પ્રતિબંધિત રહેશે. આ દરમિયાન માર્ગ ટ્રાફિકને અહમદપુરા ગામ રેલવે બ્રિજ LHS-24 B, નાંદોલ દહેગામ રેલવે સ્ટેશન ફાટક 28 B, દહેગામ-ગાંધીનગર રોડ અંડરબ્રિજ-20 A જેવા વિકલ્પ માર્ગો તરફ ડાયવર્ટ કરવામાં આવશે.

## મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR) ૨૦૨૫ - અમદાવાદ જિલ્લો

# અમદાવાદ જિલ્લામાં SIRની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા ૪૯ BLOને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.28

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિતનાં ૧૨ રાજ્યોમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR)ના પ્રથમ તબક્કાની કામગીરી પ્રગતિમાં છે, ત્યારે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિયત સમયમર્યાદા પૂર્વે એન્યુમરેશન ફોર્મની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા ૪૯ જેટલા બીએલઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશના પ્રથમ તબક્કાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત તા. ૪ ડિસેમ્બર સુધીમાં એન્યુમરેશન ફોર્મ વિતરણ અને પરત મેળવવાની કામગીરી પૂર્ણ કરવાની છે. ત્યારે શહેર-જિલ્લાના ૨૧ વિધાનસભા મતવિસ્તારોના ૪૯ બુથ લેવલ ઑફિસર્સ દ્વારા તેમને સોંપાયેલી કામગીરી નિયત સમયમર્યાદા પૂર્વે જ પૂર્ણ કરી, અન્ય BLO માટે પણ ઉદાહરણ રૂપ બન્યા છે. આ તમામ કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓને કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર તેમજ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરના હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં, સન્માનિત થનારા તમામ બુથ લેવલ ઓફિસર્સ(BLO) પાસેથી SIRની કામગીરી દરમિયાન તેમને થયેલા અનુભવો પણ વહેંચવામાં આવ્યા હતા. જેથી તેઓ આ કામગીરી સાથે સંકળાયેલા અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહે. આ પ્રસંગે નિવાસી નાયબ કલેક્ટર શ્રી હાર્દ શાહ તેમજ જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી દિનતા કથિરીયા તથા જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારી/કર્મચારી અને બુથ લેવલ ઓફિસર્સ (BLO) ઉપસ્થિત રહ્યાહતા.

ત્યારે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિયત સમયમર્યાદા પૂર્વે એન્યુમરેશન ફોર્મની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા ૪૯ જેટલા બીએલઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશના પ્રથમ તબક્કાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત તા. ૪ ડિસેમ્બર સુધીમાં એન્યુમરેશન ફોર્મ વિતરણ અને પરત મેળવવાની કામગીરી પૂર્ણ કરવાની છે. ત્યારે શહેર-જિલ્લાના ૨૧ વિધાનસભા મતવિસ્તારોના ૪૯ બુથ લેવલ ઑફિસર્સ દ્વારા તેમને સોંપાયેલી કામગીરી નિયત સમયમર્યાદા પૂર્વે જ પૂર્ણ કરી, અન્ય BLO માટે પણ ઉદાહરણ રૂપ બન્યા છે. આ તમામ કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓને કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર તેમજ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરના હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં, સન્માનિત થનારા તમામ બુથ લેવલ ઓફિસર્સ(BLO) પાસેથી SIRની કામગીરી દરમિયાન તેમને થયેલા અનુભવો પણ વહેંચવામાં આવ્યા હતા. જેથી તેઓ આ કામગીરી સાથે સંકળાયેલા અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહે. આ પ્રસંગે નિવાસી નાયબ કલેક્ટર શ્રી હાર્દ શાહ તેમજ જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી દિનતા કથિરીયા તથા જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારી/કર્મચારી અને બુથ લેવલ ઓફિસર્સ (BLO) ઉપસ્થિત રહ્યા હતા.





# U-19 એશિયા કપ માટે ભારતીય ટીમ જાહેર : ગુજરાત રાજ્યના પાંચ પ્લેયર્સ સિલેક્ટ થયા

### સ્ટેન્ડ બાય: રાહુલ કુમાર, હેમચૌદેશન, બીકે કિશોર અને આદિત્ય રાવત. ટુર્નામેન્ટ 36 વર્ષ જૂની, ભારતે 8 ટાઇટલ જીત્યા છે અંડર-19 એશિયા કપની શરૂઆત 1989માં બાંગ્લાદેશમાં થઈ હતી, બાંગ્લાદેશે 2 ટાઇટલ જીત્યા છે, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને એક-એક ખિતાબ મળ્યા છે

**મુંબઈ, તા. 28**

અંડર-19 એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. શુક્રવારે જાહેર કરાયેલી ટીમની કેપ્ટનશિપ આયુષ મ્હાત્રેને સોંપવામાં આવી છે. જ્યારે વિહાન મલ્હોત્રાને વાઈસ કેપ્ટન બનાવ્યો છે. ટીમમાં 14 વર્ષીય વૈભવ સૂર્યવંશી પણ છે. આ ટીમમાં ગુજરાત રાજ્યના કુલ પાંચ ખેલાડીઓ પણ સિલેક્ટ થયા છે. જેમાં GCAના 3 પ્લેયર્સ અને SCAના 2 પ્લેયર્સ છે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશન તરફથી રમતા વેદાંત ત્રિવેદી, હેનિલ પટેલ અને ખિલન પટેલ છે. જ્યારે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન તરફથી રમતા હરવંશ સિંહ અને યુવરાજ ગોહિલ સિલેક્ટ થયા છે. અંડર-19 એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. શુક્રવારે જાહેર કરાયેલી ટીમની કેપ્ટનશિપ આયુષ મ્હાત્રેને સોંપવામાં આવી છે. જ્યારે વિહાન મલ્હોત્રાને વાઈસ કેપ્ટન બનાવ્યો છે. ટીમમાં 14 વર્ષીય વૈભવ સૂર્યવંશી પણ છે. આ ટીમમાં ગુજરાત રાજ્યના કુલ પાંચ ખેલાડીઓ પણ સિલેક્ટ થયા છે. જેમાં GCAના 3 પ્લેયર્સ અને SCAના 2 પ્લેયર્સ છે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશન તરફથી રમતા વેદાંત ત્રિવેદી, હેનિલ પટેલ અને ખિલન પટેલ છે. જ્યારે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન તરફથી રમતા હરવંશ સિંહ અને યુવરાજ ગોહિલ સિલેક્ટ થયા છે.

ઈન્ડિયન ટીમનો પ્રથમ મુકાબલો 12 ડિસેમ્બરે ક્વોલિફાયર-1 સાથે થશે. જ્યારે ટીમ 14 ડિસેમ્બરે પાકિસ્તાન સામે મેચ રમશે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ 21 ડિસેમ્બરે રમાશે.

U-19 ઈન્ડિયા ટીમ આયુષ મ્હાત્રે (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા (વાઈસ કેપ્ટન), વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંદુ (વિકેટકીપર), હરવંશ સિંહ, યુવરાજ ગોહિલ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, નમન પુષ્પક, દિપેશ દેવેન્દ્રન, હેનિલ પટેલ, કિશન કુમાર સિંહ, ઉધવ મોહન અને એરોન જ્યોર્જ.

સ્ટેન્ડ બાય: રાહુલ કુમાર, હેમચૌદેશન, બીકે કિશોર અને આદિત્ય રાવત. ભા ટુર્નામેન્ટ 36 વર્ષ જૂની, ભારતે 8 ટાઈટલ જીત્યા છે અંડર-19 એશિયા કપની શરૂઆત 1989માં બાંગ્લાદેશમાં થઈ હતી. અત્યાર સુધીમાં ટુર્નામેન્ટની 12 આવૃત્તિઓ યોજાઈ ચૂકી છે. આમાંથી ભારતે સૌથી વધુ 7 ખિતાબ જીત્યા છે. જ્યારે એકવાર પાકિસ્તાન સાથે ટ્રોફી શેર કરી છે. બાંગ્લાદેશે 2 ટાઈટલ જીત્યા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને એક-એક ખિતાબ મળ્યા છે.

રતની મેચથી થશે ટુર્નામેન્ટની શરૂઆત અંડર-19 એશિયા કપની શરૂઆત 12 ડિસેમ્બરે ભારત અને ક્વોલિફાયર-1ની મેચથી થશે. ટીમ ઈન્ડિયાને ગ્રૂપ-Aમાં રાખવામાં આવી છે. જ્યારે ગ્રૂપ-Bમાં બાંગ્લાદેશ, શ્રીલંકા અને અફઘાનિસ્તાનની ટીમ છે. રતની મેચથી થશે ટુર્નામેન્ટની શરૂઆત અંડર-19 એશિયા કપની શરૂઆત 12 ડિસેમ્બરે ભારત અને ક્વોલિફાયર-1ની મેચથી થશે. ટીમ ઈન્ડિયાને ગ્રૂપ-Aમાં રાખવામાં આવી છે. જ્યારે ગ્રૂપ-Bમાં બાંગ્લાદેશ, શ્રીલંકા અને અફઘાનિસ્તાનની ટીમ છે.

## ધોનીની ગ્રાન્ડ ડિનર પાર્ટીમાં કોહલી-પંત, ગંભીર ગેરહાજર, કેપ્ટન કૂલ ડ્રાઇવ કરીને વિરાટને ટીમ હોટલ મૂકી આવ્યા

**દિલ્હી, તા. 28**

રાંચીના ધ્રુવા સ્થિત JSCA સ્ટેડિયમમાં 30 નવેમ્બરના રોજ યોજાનારી વન-ડે મેચ માટે ભારત-સાઉથ આફ્રિકા ટીમના તમામ ખેલાડીઓ રાંચી પહોંચ્યા છે. રાત્રે લગભગ 8:45 વાગ્યે વિરાટ કોહલી અને રિષભ પંત દલાદલી સ્થિત પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના ઘરે પહોંચ્યા. ટેસ્ટમાં સાઉથ આફ્રિકન ટીમ સામે 0-2થી હાર મળ્યા બાદ ટીમ ઈન્ડિયા રાંચી પહોંચી. અહીં વિરાટ કોહલી, રિષભ પંત સહિત ઘણા ભારતીય ખેલાડીઓ મહેન્દ્ર સિંહ ધોનીના રાંચી સ્થિત ઘરે પહોંચ્યા, જ્યાં પૂર્વ કેપ્ટને એક હાઇ-પ્રોફાઇલ ગેટ-ટુગેધર પાર્ટીનું આયોજન કર્યું હતું. આ દરમિયાન આ પાર્ટીમાં ગયેલા સભ્યોમાં ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર ગેરહાજર દેખાયો, તો રોહિત શર્માની ઝલક પણ ન દેખાઈ.

## વર્લ્ડ ચેમ્પિયન ભારતીય વુમન્સ બ્લાઇન્ડ ટીમ મોદીને મળી, સાઇન કરેલું બેટ ભેટ આપ્યું

- **ટુર્નામેન્ટમાં ભારત, નેપાળ, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, પાકિસ્તાન અને અમેરિકાએ ભાગ લીધો હતો. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમે એકબીજા સામે 5-5 મેચ રમી હતી.**

**દિલ્હી, તા. 28**

વર્લ્ડ ચેમ્પિયન ભારતીય વિમેન્સ બ્લાઈન્ડ ટીમે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. ટીમ ટ્રોફી લઈને નવી દિલ્હી સ્થિત PM આવાસ પહોંચી. તમામ ખેલાડીઓએ મળીને PMને સાઈન કરેલું બેટ ભેટ આપ્યું. ભારતે પ્રથમ વખત રમાયેલા બ્લાઈન્ડ વુમન્સ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. 23 નવેમ્બરે ટીમે કોલંબોમાં



રમાયેલી ફાઈનલ મેચમાં નેપાળને 7 વિકેટે હરાવ્યું હતું. 9 રાજ્યોમાંથી ખેલાડીઓ પસંદ કરીને ટીમ બનાવી ભારતની કેપ્ટનશિપ કર્ણાટકની દીપિકા ટીસીએ કરી. ટીમમાં દેશના 9 અલગ-અલગ રાજ્યોમાંથી 16 ખેલાડીઓની પસંદગી કરવામાં આવી. આમાં કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, ઓડિશા, દિલ્હી, આસામ અને બિહારના ખેલાડીઓનો સમાવેશ થતો હતો. ખેલાડીઓને ક્રિકેટ વિશે શાળાના શિક્ષકો, NGO અને કોમ્યુનિટી કેમ્પસમાં જાણકારી આપવામાં આવી હતી. 11 નવેમ્બરે ટુર્નામેન્ટ શરૂ થઈ હતી વિમેન્સ બ્લાઈન્ડ વર્લ્ડ કપ 11 નવેમ્બરે દિલ્હીમાં શરૂ થયો હતો. ટુર્નામેન્ટમાં ભારત, નેપાળ, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, પાકિસ્તાન અને અમેરિકાએ ભાગ લીધો હતો. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમે એકબીજા સામે 5-5 મેચ રમી હતી. પોઈન્ટ્સ ટેબલના ટૉપ-4 પોઝિશન પર રહેલી ટીમો વચ્ચે સેમિફાઈનલ રમાઈ હતી. આ મેચો જીતનાર નેપાળ અને ભારતે ફાઈનલ રમી હતી.

## વર્લ્ડ ચેમ્પિયન ભારતીય પ્લેયર્સની કિંમત ₹22.65 કરોડ

### WPL ઓક્શનમાં મંધાનાનો રેકોર્ડ તૂટ્યો નહીં, દીપ્તિ ₹3.20 કરોડ, ચરણી ₹1.30 કરોડમાં સોલ્ડ

**દિલ્હી, તા. 28**

વર્લ્ડ ચેમ્પિયન ભારતની સ્ક્વોડનો ભાગ રહેલી 16માંથી 15 ખેલાડી વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની આગામી સિઝન રમતી જોવા મળશે. 6 ખેલાડીને ટીમોએ રિટેન કરી હતી, 13 ખેલાડી આજે ઓક્શનમાં સોલ્ડ થઈ. તેમની કિંમત 22.65 કરોડ રૂપિયા રહી, જ્યારે એકમાત્ર ઉમા છેત્રીને કોઈ ખરીદનાર મળ્યો નહીં. WPLની હરાજી ગુરુવારે નવી દિલ્હીમાં થઈ. દીપ્તિ શર્મા 3.20 કરોડ અને શ્રી ચરણી 1.30 કરોડ રૂપિયામાં સોલ્ડ થઈ. WPL ઈતિહાસની સૌથી મોંઘી ખેલાડી સ્મૃતિ મંધાના કરતાં




વધુ બોલી હજુ પણ કોઈ ખેલાડી પર લાગી નથી. તેઓ પ્રથમ સિઝન દરમિયાન 3.40 કરોડ રૂપિયામાં સોલ્ડ થઈ હતી, જ્યારે આ વખતે 3.50 કરોડ રૂપિયામાં રિટેન થઈ. વન-ડે વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ દીપ્તિ શર્માને યુપી વોરિયર્સે ફરીથી પોતાની ટીમમાં સામેલ કરી લીધી. દીપ્તિ 3.20 કરોડ રૂપિયામાં યુપીનો હિસ્સો બની. દીપ્તિએ ICC ટુર્નામેન્ટની 9 મેચોમાં 22 વિકેટ લેવાની સાથે 215 રન પણ બનાવ્યા હતા.

## 'દ્રશ્યમ' ફેમ શ્રેયા સરન બની ડીપફેકનો શિકાર!:

### એક્ટ્રેસે કહ્યું- મારા ફોટો સાથે બનાવટ કરી, લોકોને મારા નામે છેતર્યા; 'એવા ફોટો ફરે છે, પરિવાર પણ નથી ઓળખી શકતું'

**મુંબઈ, તા. 28**

આ દિવસોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા ઘણા લોકો ડીપફેકનો શિકાર બની રહ્યા છે. તેમાં હવે 'દ્રશ્યમ' એક્ટ્રેસ શ્રેયા સરનનું નામ પણ જોડાઈ ગયું છે. એક્ટ્રેસે તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે- 'લાંબા સમયથી તેમની તસવીરો સાથે છેડછાડ કરવામાં આવી રહી છે, જેની જાણકારી તેમને અવારનવાર લોકો પાસેથી મળે છે.' એક્ટ્રેસે એ પણ જણાવ્યું છે કે કોઈ વ્યક્તિ તેમની ઓળખ લઈને તેમની સાથે જોડાયેલા લોકોનો સંપર્ક કરે છે.' શ્રેયા સરને તાજેતરમાં હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, 'મારા ઓળખીતા દરેક વ્યક્તિ, અથવા જે મારી ઈન્સ્ટાગ્રામ ફીડ પર છે, અથવા જેમની સાથે મેં વાત કરી છે, અથવા જેમને મેં ટેગ કર્યા છે, અથવા જેમને હું ફોલો કરી રહી છું, તે બધાએ મને જણાવ્યું તે તારા જેવી નથી દેખાય રહી. કોઈ તારા નામે લોકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.' શ્રેયાએ આગળ જણાવ્યું છે કે- તે લગભગ બે દાયકાથી એક જ ફોન નંબરનો ઉપયોગ કરી રહ્યા છે, તેથી આ ઘટના તેમના માટે વધુ ચોંકાવનારી હતી. શરૂઆતમાં તેમણે આ અંગે વાત ન કરી કારણ કે તેઓ બિનજરૂરી બાબતોમાં ધ્યાન આપવા માંગતા ન હતા, જોકે, એક વ્યક્તિએ તેમના નામનો ઉપયોગ કરીને લોકોને એટલા પરેશાન કર્યા કે, તેમને આ વિશે વાત કરવી પડી. એક્ટ્રેસે આ અંગે કહ્યું- 'તે મારા નામે સતત લોકો સાથે વાત કરે છે, ખરાબ મેસેજ કરે છે, તેથી આ અંગે વાત કરવી જરૂરી બની ગઈ છે. મામલો હાથમાંથી નીકળી રહ્યો હતો.' આગળ એક્ટ્રેસે કહ્યું- 'આ પહેલીવાર નથી જ્યારે કોઈએ મારા ફોટોનો ઉપયોગ કરીને આવું કર્યું હોય.




## 'ઊર્મિલા માતોંડકરે મારું ઇનરવેર પહેરી બીચ પર ડાન્સ કર્યો'



**મુંબઈ, તા. 28**

રામ ગોપાલ વર્માના ડિરેક્શનમાં બનેલી 'રંગીલા' તેનાં મધુર સંગીત, હિટ ગીતો અને હૃદયસ્પર્શી વાર્તાના કારણે આજે પણ દર્શકોના દિલમાં ખાસ સ્થાન ધરાવે છે. આમિર ખાન, જેકી શ્રોફ અને ઊર્મિલા માતોંડકર સ્ટારર ફિલ્મ 'રંગીલા'એ ન માત્ર બોક્સ ઓફિસમાં સફળતા મેળવી હતી, પરંતુ નવી યુવા પેઢીને પણ પ્રેરણા આપી હતી. આ ફિલ્મે પ્રેમ, આકાંક્ષા અને જીવનના સંઘર્ષોને એક નવા દૃષ્ટિકોણ સાથે રજૂ કર્યા હતા. ભારતીય ફિલ્મ ઉદ્યોગને નવી દિશા આપનારી આ ફિલ્મને આજે પણ ફિલ્મોના ઈતિહાસમાં એક ક્લાસિક તરીકે યાદ કરવામાં આવે છે. 30 વર્ષ બાદ આજે એટલે કે 28 નવેમ્બર 2025ના રોજ ફરીથી 'રંગીલા' સિનેમાઘરોમાં 4K HD રિસ્ટોર્ડ વર્ઝનમાં રિલીઝ થઈ છે. 'રંગીલા'નાં 30 વર્ષ પૂરાં થવા પર ફિલ્મમાં 'રાજ કમલ'નું પાત્ર ભજવનાર એક્ટર જેકી શ્રોફે દિવ્ય ભાસ્કર સાથે વાત કરી. 'જેકી શ્રોફે કહ્યું, ઘણીવાર એવું થતું હોય છે કે જ્યારે કોઈ આપણી સાથે વાત કરતું હોય ત્યારે આપણું ધ્યાન બીજે ક્યાંક હોય છે, પણ ખરેખર એવું નથી હોતું. આપણે બધાનું સાંભળીએ છીએ, બસ રીત થોડી અલગ છે. હવે ત્રણ કલાક કોઈની આંખમાં આંખ નાખીને તો ન જ બેસી શકાય ને?' 'જ્યારે કોઈ બોલતું હોય છે ત્યારે આપણે શાંતિથી સાંભળીએ છીએ. 'હા, હા', 'ઠીક છે' જેવા એક્સપ્રેશન આપીએ છીએને, એ ખોટું લાગે છે. આપણી ટેવ છે કે જ્યારે સાંભળો, તો બસ ધ્યાનથી સાંભળો. જેવી રીતે જનતી વખતે સંપૂર્ણ ધ્યાન ભોજનમાં હોય છે, એ જ રીતે વાત સાંભળતી વખતે સંપૂર્ણ ધ્યાન સાંભળવામાં રાખો.

## સિદ્ધાર્થ -કિયારાએ પુત્રીનું નામકરણ કર્યું

### 'આ છે અમારી રાજકુમારી સરાયાહ મલ્હોત્રા' કપલે લાડલીના જન્મના 3 મહિના બાદ પહેલી ઝલક બતાવી

**મુંબઈ, તા. 28**

કિયારા અડવાણીએ જુલાઈમાં દીકરીને જન્મ આપ્યો હતો. હવે લગભગ 3 મહિના પછી કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ દીકરીનું નામકરણ કરીને તેના નામની જાહેરાત કરી છે. આ કપલે દીકરીનું નામ સરાયાહ અડવાણી રાખ્યું છે. દી કરીનું નામ સિદ્ધાર્થ અને કિયારાએ પોતાનું નામ જોડીને સરાયાહ રાખ્યું છે. અહીં સિદ્ધાર્થના નામમાંથી 'સ' અને કિયારાના નામમાંથી 'રાયા' લીધું છે. કિયારા અડવાણીએ 16 જુલાઈએ મુંબઈની એચએન રિલાયન્સ હોસ્પિટલમાં પુત્રીને જન્મ આપ્યો હતો. સિદ્ધાર્થ અને કિયારાએ સોશિયલ મીડિયા દ્વારા તેની જાહેરાત કરતા લખ્યું હતું કે, અમારા હૃદય ખુશીઓથી ભરેલા છે અને અમારી દુનિયા હંમેશા માટે બદલાઈ ગઈ છે.



અમને એક વહાલી પુત્રીના આશીર્વાદ મળ્યા છે. કિયારા અને સિદ્ધાર્થ. સિદ્ધાર્થ અને કિયારાની લવ સ્ટોરી ફિલ્મ 'શેરશાહ'ના સેટ પર શરૂ થઈ હતી. સાથે કામ કરતાં કરતાં બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને ફિલ્મ પૂરી થતાં બંને રિલેશનશિપમાં આવી ગયા. લાંબા સમય સુધી ડેટ કર્યા પછી આ કપલે 7 ફેબ્રુઆરી 2023ના રોજ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં ઈન્ટિમેટ વેડિંગ કરી હતી. જેમાં નજીકના સંબંધીઓ અને મિત્રો સામેલ થયા હતા.

## 'અજય દેવગનના ફોટો-અવાજનો ખોટો ઉપયોગ બંધ કરો'



**મુંબઈ, તા. 28**

દિલ્હી હાઈકોર્ટે એક્ટર અજય દેવગનની તરફેણમાં વચગાળાનો આદેશ જારી કર્યો છે. કોર્ટે કહ્યું છે કે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા તેમની તસવીરો, અવાજ કે ઓળખ સંબંધિત વસ્તુઓનો ઉપયોગ તેમની મંજૂરી વિના કરી શકશે નહીં. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે- AI અને ડીપફેક ટેકનોલોજી દ્વારા તેમની છબી કે વ્યક્તિત્વનો ખોટો ઉપયોગ કરી શકાશે નહીં. સાથે જ, કોઈપણ પ્રકારની અશ્લીલ કે વાંધાજનક સામગ્રીના પ્રસાર પર પણ રોક લગાવવામાં આવી છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે કેટલાક લોકો પર આરોપ લાગ્યો કે તેઓ અજય દેવગનની તસવીરો અને ઓળખનો ઉપયોગ વ્યાપારી લાભ મેળવવા માટે કરી રહ્યા હતા. આમાં કેટલીક એવી સામગ્રી પણ સામેલ હતી જે અયોગ્ય હતી. આ કેસની સુનાવણી જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોરાએ કરી હતી. એક્ટર વતી હાજર રહેલા વકીલ પ્રવીણ આનંદે જણાવ્યું કે ઘણા લોકો અજયની નકલી ઓળખ સાથે કેપ, સ્ટીકર અને પોસ્ટર વેચી રહ્યા હતા. આમાં ફિલ્મ સંબંધિત નહીં, પરંતુ ખાનગી તસવીરોનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

### આ વર્ષે સોનું ₹50,500 અને ચાંદી ₹78,000 મોંઘી

# સોનું ₹609 મોંઘું થઈને ₹1,26,666 પર પહોંચ્યું

## 10 ગ્રામ સોનું 1,26,057 રૂપિયાનું હતું. અમદાવાદમાં આજે 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ ₹1,28,510 છે.

**નવી દિલ્હી, તા. 15**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે શુક્રવાર, 28 નવેમ્બરે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ સોનું 609 રૂપિયા મોંઘું થઈને 1,26,666 રૂપિયા પર પહોંચી ગયું છે. ગઈકાલે 10 ગ્રામ સોનું 1,26,057 રૂપિયાનું હતું. અમદાવાદમાં આજે 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,28,510 છે.

આજે ચાંદી પણ 1,619 રૂપિયા મોંઘી થઈને 1,64,286 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ચાંદીની કિંમત 1,62,667 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરે સોનું 1,30,874 રૂપિયા અને 14 ઓક્ટોબરે ચાંદી 1,78,100 રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી. IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી, તેથી અલગ-અલગ શહેરોના રેટ્સ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 49,895 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,26,666 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ દરમિયાન 76,650 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,64,286 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે. ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે. ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.



## એપલ ભારતમાં પાંચમો સ્ટોર ખોલશે, 11 ડિસેમ્બરે નોઇડાના DLF મોલમાં ઓપનિંગ

### ભારતમાં ઝડપથી વધી રહી છે એપલની ગ્રોથ

**નવી દિલ્હી, તા. 28**

એપલે ભારતમાં પોતાનો પાંચમો રિટેલ સ્ટોર 11 ડિસેમ્બરે નોઈડાના DLF મોલ ઓફ ઈન્ડિયામાં ખોલવાની જાહેરાત કરી છે. આ દિલ્હી NCRનો બીજો સ્ટોર હશે, પહેલો એપ્રિલ 2023માં દિલ્હીમાં ખુલ્યો હતો. બેંગલુરુ (2 સપ્ટેમ્બર) અને પુણે (4 સપ્ટેમ્બર) પછી 2025માં એપલનો આ ત્રીજો સ્ટોર ઓપન થશે.

CEO ટિમ કૂકે કહ્યું હતું કે ભારતમાં મુંબઈ-દિલ્હી ઉપરાંત ચાર વધુ સ્ટોર ખોલવામાં આવશે. નોઈડા સ્ટોરમાં આઈફોન 17 સિરીઝ, M5-પાવર્ડ મેકબુક પ્રો અને 14 મેકબુક પ્રો જેવા લેટેસ્ટ પ્રોડક્ટ્સ મળશે. ગ્રાહકો નવા ફીચર્સ ટ્રાય કરી શકશે. સ્પેશિયાલિસ્ટ, ક્રિએટિવ્સ, જીનિયસ અને બિઝનેસ ટીમો એક્સપર્ટ સપોર્ટ આપશે. એપલ માટે ભારત સતત મહત્વપૂર્ણ બજાર તરીકે ઉભરી આવ્યું છે. માર્કેટ ટ્રેકર IDC અનુસાર, 2025માં કંપની દેશમાં 15 કરોડ આઈફોન વેચી શકે છે. આનાથી



એપલનો માર્કેટ શેર પહેલીવાર 10%થી ઉપર જઈ શકે છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એપલ ભારતનો ચોથો સૌથી મોટો સ્માર્ટફોન વિક્રેતા બન્યો, જ્યાં કંપનીએ લગભગ 50 લાખ યુનિટના વેચાણ સાથે 25% વાર્ષિક વૃદ્ધિ નોંધાવી. કૂકે તાજેતરના ઘણા વિશ્લેષક કૉલ્સમાં ભારતને એક અગ્રણી બજાર ગણાવ્યું છે, જ્યાં કંપનીએ સતત 15 ક્વાર્ટરથી રેકોર્ડ આવક મેળવી છે.

## પુતિન બોલ્યા- રશિયા ક્યારેય યુરોપ પર હુમલો નહીં કરે

### કાગળ પર લખીને આપવા તૈયાર છું, યુરોપિયન નેતાઓ હથિયાર કંપનીઓના તળિયાં ચાટી રહ્યા છે

**મુંબઈ, તા. 28**

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે રશિયા ક્યારેય યુરોપ પર હુમલો નહીં કરે. તેમણે કહ્યું કે જો યુરોપ ઈચ્છે તો લેખિત ખાતરી આપવા તૈયાર છે. તેમણે યુરોપ પર રશિયન હુમલાની આશંકાને સંપૂર્ણપણે બકવાસ ગણાવી છે. પુતિને કહ્યું કે યુરોપિયન નેતાઓ ફક્ત હથિયારો બનાવતી કંપનીઓના તળિયા ચાટી રહ્યા છે. તેઓ પોતાની જનતા માટે એક ખોટો ભ્રમ પેદા કરવા માંગે છે. આ પહેલા મંગળવારે જર્મનીના વિદેશ મંત્રી યોહાન વેડફુલે આરોપ લગાવ્યો હતો કે રશિયા આગામી ચાર વર્ષમાં કોઈ NATO દેશ પર હુમલો કરી શકે છે. વેડફુલે જણાવ્યું હતું કે જર્મન ગુપ્તચર એજન્સીઓ અનુસાર રશિયા 2029 સુધીમાં NATO વિરુદ્ધ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા, યુરોપ અને યુક્રેન વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા માટે નવી શાંતિ યોજના પર ચર્ચા ચાલી રહી છે. પુતિને મીડિયા સાથે વાત કરતા કહ્યું કે રશિયાના કબજા હેઠળના વિસ્તારોમાંથી યુક્રેનની સેનાને પાછા હટવું પડશે. આ સમયે રશિયાનો યુક્રેનના 19%થી વધુ હિસ્સા પર કબજો છે. આમાં મોટાભાગનો હિસ્સો ડોનબાસ અને લુહાન્સ્ક પ્રાંતનો છે. પુતિન અનુસાર યુદ્ધ રોકવા માટે યુક્રેનિયન સેનાને પાછા હટવું પડશે. પુતિને સ્પષ્ટ કહ્યું કે રશિયા વાતચીત માટે તૈયાર છે, પરંતુ જરૂર પડ્યે લડાઈ ચાલુ રાખવાનો વિકલ્પ પણ ખુલ્લો છે. તેમણે ચેતવણી આપી કે જો તેઓ પીછેહઠ નહીં કરે, તો અમે આ લક્ષ્ય સૈન્ય કાર્યવાહીથી પૂર્ણ કરીશું. ટ્રમ્પ પ્રશાસને યુક્રેન યુદ્ધ રોકવા માટે 28 પોઈન્ટનો પ્લાન તૈયાર કર્યો છે. આ મુજબ યુક્રેનને પોતાનો લગભગ 20%



હિસ્સો રશિયાને આપવો પડશે. આમાં પૂર્વી યુક્રેનનો ડોનબાસનો વિસ્તાર શામેલ છે. યુક્રેન માત્ર 6 લાખ જવાનોવાળી સેના જ રાખી શકશે. નાટોમાં યુક્રેનની એન્ટ્રી નહીં થાય. નાટો સેનાઓ યુક્રેનમાં નહીં રહે. પ્લાનમાં કહેવામાં આવ્યું છે કે રશિયા દ્વારા શાંતિ પ્રસ્તાવોને માનવા પર તેના પર લાગેલા તમામ પ્રતિબંધો હટાવી દેવામાં આવશે. સાથે જ યુરોપમાં જપ્ત કરાયેલી લગભગ 2000 કરોડ રૂપિયાની સંપત્તિ પણ ડીફ્રીઝ થશે. બ્રિટનના પીએમ કીર સ્ટાર્મર, ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોં અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે શુક્રવારે કહ્યું કે તેમનો દેશ યુક્રેનની સાથે છે. આ 28 પોઈન્ટનો પ્લાન ટ્રમ્પ પ્રશાસનના ગાઝા પીસ પ્લાનથી પ્રેરિત હોવાનું કહેવાય છે. અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે આ યોજના બંને પક્ષો (રશિયા અને યુક્રેન) પાસેથી ઈનપુટ લઈને તૈયાર કરવામાં આવી છે, પરંતુ યુક્રેનિયન અધિકારીઓએ દાવો કર્યો છે કે તેમને તેમાં સામેલ કરવામાં આવ્યા નથી.

## કરોડો લોકોને લાંબી લાઈનો-વારંવાર ધક્કામાંથી મુક્તિ!, ઘરે બેઠા આધાર કાર્ડમાં મોબાઈલ નંબર બદલી શકશો

**નવી દિલ્હી, તા. 28**

ટૂંક સમયમાં તમે ઘરે બેઠા આધાર કાર્ડમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી શકશો. આધારને નિયંત્રિત કરતી સંસ્થા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ નવી ડિજિટલ સેવાની જાહેરાત કરી છે. આના દ્વારા યુઝર્સ આધાર એપ પર OTP વેરિફિકેશન અને ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનો મોબાઈલ નંબર અપડેટ કરી શકશે. આ સેવા દૂરના વિસ્તારોમાં રહેતા લોકો અને સિનિયર સિટીઝન્સને સરળતા પૂરી પાડશે. આધાર કાર્ડ દેશની સૌથી મોટી આઈડેન્ટિટી સર્વિસ છે, જેમાં 130 કરોડથી વધુ લોકોનો ડેટા જોડાયેલો છે. મોબાઈલ નંબર તેનો સૌથી મહત્વનો ભાગ છે, કારણ કે તેનાથી જ OTP દ્વારા બેંક એકાઉન્ટ, સરકારી સબસિડી, ઈનકમ ટેક્સ વેરિફિકેશન અને ડિજિટલ સર્વિસિસ જેમ કે ડિઝીલોકર સુધી એક્સેસ મળે છે. જો નંબર જૂનો થઈ જાય કે ખોવાઈ જાય તો ઘણી સમસ્યાઓ થઈ શકે છે. અત્યાર સુધી તેને અપડેટ કરવા માટે એનરોલમેન્ટ સેન્ટર જવું પડતું હતું, જ્યાં બાયોમેટ્રિક વેરિફિકેશન અને લાંબી કતારોનો ઝંઝટ થતો હતો. પરંતુ હવે UIDAI ડિજિટલ રીતે તેને સરળ બનાવવા જઈ રહ્યું છે. એક મહિના પહેલા UIDAIએ આધાર કાર્ડની નવી મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આમાં યુઝર એક જ ફોનમાં 5 લોકોના આધાર રાખી શકે છે. આમાં આધારની ફક્ત તે જ માહિતી શેર કરવાનો વિકલ્પ છે, જે જરૂરી હોય છે. આ એપમાં તમે UPIમાં જે રીતે સ્કેન કરીને પેમેન્ટ કરો છો, તે જ રીતે આધાર ડિટેલ્સ શેર કરી શકો છો. એપને વધુ સુરક્ષિત બનાવવા માટે તેમાં ફેસ ઓથેન્ટિકેશન જેવા ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે. આધારના નવા એપના ફીચર્સ, ફોનમાં આધાર કેરી કરો: ઈ-આધાર હંમેશા સાથે રહેશે, પેપર કોપીની જરૂર નહીં પડે.

ફેસ સ્કેન શેરિંગ: ID શેર કરવા માટે ફેસ સ્કેન કરવું પડશે, પિન-OTPની જેમ સુરક્ષિત.

સિક્યોર લોગિન: બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી એપ ઓપન થશે.

મલ્ટી લેંગ્વેજ સપોર્ટ: હિન્દી, અંગ્રેજી સહિત ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ.

ઓફલાઈન ઉપયોગ: ઈન્ટરનેટ ન હોવા છતાં પણ આધાર જોઈ શકશો.

જૂની આધાર એપ પહેલેથી હતી, તો નવી શા માટે લાવવામાં આવી?

જૂની mAadhaar અને નવી આધાર એપનો હેતુ આધારનો ડિજિટલ રીતે ઉપયોગ કરવાનો છે, પરંતુ ફોકસ અલગ-અલગ છે...

PDF ડાઉનલોડ અથવા PVC કાર્ડ માટે હજુ પણ mAadhaarનો ઉપયોગ કરો.

વર્ચ્યુઅલ ID જનરેટ કરવા અથવા કેટલાક અપડેટ્સ માટે UIDAI પોર્ટલ અથવા mAadhaar જ શ્રેષ્ઠ છે.

નવી એપ પ્રાઈવસી-ફર્સ્ટ છે, જ્યાં સિલેક્ટિવ ડિસ્ક્લોઝરથી માત્ર જરૂરી માહિતી શેર થાય છે.

# શ્રી અશ્વિની વૈષ્ણવે ચંદીગઢ સ્ટેશનના પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું

## "ચંદીગઢ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ માટે નવીન ટેકનોલોજી અપનાવવામાં આવી રહી છે" - શ્રી અશ્વિની વૈષ્ણવ



**રેલવે, તા. 28**

રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે ચંદીગઢ રેલ્વે સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું. મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે ચંદીગઢ રેલ્વે સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું. વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીને સ્ટેશનના આધુનિકીકરણ પ્રોજેક્ટની પ્રગતિ વિશે માહિતી આપી. વિગતવાર સમીક્ષા કર્યા પછી, શ્રી અશ્વિની વૈષ્ણવે ચંદીગઢ સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યની પ્રગતિ પર ખુશી વ્યક્ત કરી. નિરીક્ષણ દરમિયાન, રેલવે અને ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ, ઉત્તર રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર વર્મા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ચંદીગઢ રેલ્વે સ્ટેશન પર મીડિયા સાથે વાત કરતા શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, "ચંદીગઢ રેલ્વે સ્ટેશનને વિશ્વ કક્ષાના સ્ટેશન તરીકે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યું છે. જેમાંથી એક મોડ્યુલર ડિઝાઈન છે, જેમાં પ્રી-ફેબ્રિકેટેડ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્ટેશન પંચકુલા અને ચંદીગઢ શહેરના બે છેડાને છતવાળા પ્લાઝા દ્વારા જોડશે. આ સ્ટેશનનો પુનઃવિકાસ 462 કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. કામ ઝડપથી ચાલી રહ્યું છે. ટીમ સ્ટેશનને ઝડપથી પુનઃવિકાસ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે." ચંદીગઢ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસનો ઉદ્દેશ્ય સ્ટેશન પર વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવાનો છે. ચંદીગઢ સ્ટેશન એક મુખ્ય પ્રવેશદ્વાર તરીકે ખૂબ મહત્વ ધરાવે છે. આ સ્ટેશનનો પુનઃવિકાસ 462 કરોડના ખર્ચે થઈ રહ્યો છે. કામ ઝડપથી ચાલી રહ્યું છે. ટીમ શક્ય તેટલી ઝડપથી સ્ટેશનનો પુનઃવિકાસ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે.' આનો ઉદ્દેશ્ય ચંદીગઢ રેલ્વે સ્ટેશનનો પુનઃવિકાસ કરવાનો અને સ્ટેશનને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવાનો છે. ચંદીગઢ સ્ટેશન એક મુખ્ય પ્રવેશદ્વાર તરીકે ખૂબ મહત્વનું છે, જે હિમાચલ પ્રદેશ અને પંજાબના પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેતા મોટાભાગના પ્રવાસીઓ અને પ્રવાસીઓને સેવા આપે છે. આ ઝડપી પ્રયાસો મુસાફરોની સુવિધાઓ વધારવા, કનેક્ટિવિટી સુધારવા અને આધુનિક, સરળ અને કાર્યક્ષમ મુસાફરી કેન્દ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જે શહેરના આયોજિત સ્થાપત્યને પ્રતિબિંબિત કરે છે અને તેના વપરાશકર્તાઓની વધતી જતી માંગને પૂર્ણ કરે છે. અગાઉ, કેન્દ્રીય મંત્રીએ મોહાલી સ્થિત સેમી કંડક્ટર લેબોરેટરી (SCL)નું નિરીક્ષણ કર્યું હતું. તેમણે SCL ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે જણાવ્યું હતું કે 4,500 કરોડના રોકાણ સાથે SCLનું આધુનિકીકરણ અને વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. SCL નવીનતમ ટેકનોલોજી અપનાવી રહી છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**સિગ્નલિંગ મટિરિયલ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ-ના હાલના ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ અને ભાગ પુરવઠામાં ફેરફાર/સુધારણા**

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 19 ઓફ 2025-26 માટે અને વતી કાર્ય કરતા DRM/S અને T ને આમંત્રણ આપવાની સૂચના. ભારતના રાષ્ટ્રપતિ 2025-26 ના ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 19 ઓફ 2025-26 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અંતિમ તારીખ 29.12.2025, 15:00 વાગ્યે. બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. 1) કાર્યનું નામ: હાલના ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં ફેરફાર/સુધારણા અને સિગ્નલિંગ સામગ્રીના આંશિક પુરવઠા, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગના સંદર્ભમાં (1) વિરમગામ-સામખીયાળી વિભાગ - રોડ અંડરબ્રિજ પૂરા પાડીને લેવલ ક્રોસિંગને નાબૂદ કરવા. (04 નં.) (LC નં. 57,70,71,105). (૨) વિરમગામ સમખીલાઈ અને મહેસાણા-પાટણ વિભાગ: રોડ અંડરબ્રિજને ઢાંકેલા એપ્રોચ આપીને લેવલ ક્રોસિંગ નાબૂદ કરવા. (૦૫ નંબર) (૦૩) પાલનપુર-સમખીયાળી વિભાગ - રોડ અંડરબ્રિજ પૂરા પાડીને લેવલ ક્રોસિંગ નં. ૧૮૨, ૨૩૭/૦-૧ પર ૧૯૦, ૨૪૨/૯-૨૪૩/૦ પર ૧૯૪ અને ૨૪૩/૬-૭ પર ૧૯૫ નાબૂદ કરવા. અમદાવાદ વિભાગ વિભાગ (૦૪ નંબર). ૨) કામનો અંદાજિત ખર્ચ: ૨,૮૮,૩૦,૦૬૪.૮૪/- (રૂ. બે કરોડ ઈઠ્યાસી લાખ ત્રીસ હજાર ચોસઠ રૂપિયા અને ચોર્યાસી પૈસા માત્ર). ૩) અર્નેસ્ટ ડિપોઝિટ મની: ૨,૯૪,૨૦૦/- (રૂ. બે લાખ ચોરાણ હજાર બસો માત્ર).૪) બંધ કરવાની તારીખ અને સમય: ૨૯.૧૨.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં ૫) ૨૯.૧૨.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય.૬)

ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ: www.ireps.gov.in

ADI 216

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સોવરેન ગોલ્ડ-બોન્ડમાં 1 લાખનું રોકાણ 4.29 લાખ બન્યા

**મુંબઈ, તા. 28**

RBI એ સોવરેન ગોલ્ડ બોન્ડ (SGB) 2017-18 સિરીઝ-IX નો રિડેમ્પશન ભાવ પ્રતિ યુનિટ 12,484 રૂપિયા નક્કી કર્યો છે. જો તમે 2017 માં 1 લાખ રૂપિયા તેમાં રોક્યા હતા, તો આજે તે 4.29 લાખ રૂપિયા થઈ ગયા છે. ફાઈનલ રિડેમ્પશન તારીખ 27 નવેમ્બર 2025 હશે. SGB ને કેન્દ્ર સરકાર વતી RBI દ્વારા જાહેર કરવામાં આવે છે. આ ફિઝિકલ ગોલ્ડનો સુરક્ષિત વિકલ્પ છે, જેમાં સ્ટોરેજ કે શુદ્ધતાની ચિંતા નથી. તેમાં સોનાની કિંમત વધવાથી ફાયદો થાય છે. 2.5% વાર્ષિક વ્યાજ પણ મળે છે. આ યોજના 2015 માં શરૂ કરવામાં આવી હતી. SGBની સિરીઝ-IX 27 નવેમ્બર 2017ના રોજ ઈશ્યૂ થઈ હતી, 27 નવેમ્બર 2017ના રોજ જાહેર કરાયેલી સિરીઝ-IX નો ઈશ્યૂ પ્રાઈસ પ્રતિ ગ્રામ 2,964 રૂપિયા હતો. ઓનલાઈન ડિસ્કાઉન્ટ પછી કિંમત પ્રતિ યુનિટ 2,914 રૂપિયા હતી. કાર્યકાળ 8 વર્ષનો હતો. આજે રિડેમ્પશન પ્રાઈસ પ્રતિ યુનિટ 12,484 રૂપિયા છે. આ પ્રાઈસ 24, 25 અને 26 નવેમ્બર 2025 ના સોનાના સરેરાશ ક્લોઝિંગ પ્રાઈસ પર આધારિત છે. રિડેમ્પશન કેવી રીતે થશે, શું કરવું પડશે? RBI એક મહિના પહેલા રોકાણકારોને સૂચિત કરે છે. પરિપક્વતા પર રકમ બેંક ખાતામાં જમા થઈ જાય છે. જો વિગતોમાં ફેરફાર હોય, તો જલ્દી બેંક, SHCIL અથવા પોસ્ટ ઓફિસને જાણ કરો. કેન્દ્ર સરકારની સોવરેન ગોલ્ડ બોન્ડ સ્કીમ બંધ, કેન્દ્ર સરકારે આ વર્ષની શરૂઆતમાં SGB સ્કીમને બંધ કરવાનો નિર્ણય લીધો હતો. કારણ જણાવવામાં આવ્યું હતું કે આ સ્કીમથી સરકારને લોન લેવી ખૂબ મોંઘી પડી રહી હતી. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરીએ બજેટ પછી તેની પુષ્ટિ કરી હતી. જ્યારે તેમને SGB યોજનાના ભવિષ્ય વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, "હા, એક રીતે બંધ થઈ રહી છે."

આર્થિક બાબતોના સચિવ અજય સેઠે કહ્યું હતું કે - છેલ્લા કેટલાક સમયનો અનુભવ એવો રહ્યો છે કે SGB થી સરકારને ખૂબ મોંઘી લોન પડે છે. તેથી સરકારે હવે આ માર્ગ છોડવાનો નિર્ણય કર્યો છે. છેલ્લી વાર ફેબ્રુઆરી 2023 માં SGB જારી કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**રિટાયરિંગ રૂમ અને ડોર્મિટરીના સંચાલન અને જાળવણી માટેના કરાર માટે ટેન્ડર**

કેટલોગ નંબર: PnU-WRL-VRL-GG1

કરારનો પ્રકાર: નિવૃત્તિ રૂમનું સંચાલન અને જાળવણી અને ગાંધીગ્રામ ખાતે શયનગૃહ અને વેરાવળ રેલ્વે સ્ટેશન પર નિવૃત્તિ ખંડ, ઉચ્ચ-વર્ગનો વેઈટિંગ રૂમ (મહિલાઓ અને પુરુષો) અને એસી વેઈટિંગ હોલ.

શ્રેણી: ચૂકવણી કરો અને ઉપયોગ કરો

બિડર/ટેન્ડરરએ (IREPS/E-ઓક્શન) વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ - +91-7227989486) ની મુલાકાત લેવાની રહેશે.

હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: ૧૧.૧૨.૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે BVP 207

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 224-2025-26 થી 226-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 224-2025-26 | ભાવનગર મંડળ - GOP-JAM અને લાલપુર જામ ખાતે રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૮ યુનિટ ટાઈપ-II ક્વાર્ટર્સ પૂરા પાડવા. | ૪,૭૯,૪૦,૬૧૧.૮૭ | ૩,૮૯,૭૦૦.00 |
| 2 | 225-2025-26 | સાબરમતી - બોટાદ વિભાગનું સિવિલ વર્ક:- મંજૂર કામ સામે ટ્રેક મશીન સાઈડિંગ (૭ નંગ) પૂરું પાડવું: સાબરમતી - બોટાદ વિભાગ:- ટ્રેક મશીન સાઈડિંગ (૭ નંગ) પૂરું પાડવું" | ૧૮,૭૦,૧૦,૯૨૭.૩૯ | ૧૦,૮૫,૧૦૦.00 |
| 3 | 226-2025-26 | સાબરમતી-બોટાદ વિભાગ રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૦ ટાઈપ-II ક્વાર્ટર્સનું બાંધકામ ધોળકા ખાતે ૪ નંગ, ધંધુકા ખાતે ૪ નંગ અને સરખેજ ખાતે ૨ નંગ. | ૨,૩૪,૪૪,૦૨૮.૪૭ | ૨,૬૭,૨૦૦.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 05/12/2025 **બિડિંગ બંધ થવાની તારીખ:** 19/12/2025 NIT ને રેલવે વેબસાઈટ **www.ireps.gov.in** પર અપલોડ કરવામાં આવેલ છે

BVP 206

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### 40 લોકો મોઢે રૂમાલ બાંધી હોસ્ટેલમાં ઘૂસ્યા

# LD એન્જિ.ની હોસ્ટેલમાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીને માર માર્યો

- 30થી 40 લોકો મને માર મારવામાં આવ્યા હતાં, પરંતુ હું હાજર ના હોવાથી સાથી રૂમમેટને મારમાર્યો હતો
- વિદ્યાર્થી સંદીપ રાણાએ હુમલાખોરોમાં ABVPના કાર્યકર દેવ નામનો શખ્સ સામેલ હોવાનો આક્ષેપ કર્યો છે.



**અમદાવાદ, તા.28**

અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં જમ્મુ-કાશ્મીરના એક વિદ્યાર્થીને માર મારવામાં આવ્યાનો બનાવ સામે આવ્યો છે. અંદાજે 40 જેટલા લોકો મોઢે રૂમાલ બાંધીને હોસ્ટેલમાં ઘૂસી આવ્યા હતા અને આ હુમલાને અંજામ આપ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ, આ વિવાદ વોટ્સએપ પર કરવામાં આવેલા મેસેજ મામલે થયેલી બોલાચાલી બાદ થયો હતો. જેના પર હુમલો થવાનો હતો તે વિદ્યાર્થી સંદીપ રાણાએ હુમલાખોરોમાં ABVPના કાર્યકર દેવ નામનો શખ્સ સામેલ હોવાનો આક્ષેપ કર્યો છે. આ ઘટના બાદ કોલેજ કેમ્પસમાં સુરક્ષા અને વિદ્યાર્થીઓની સલામતી અંગે સવાલો ઉભા થયા છે. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થી સંદીપ રાણાએ જણાવ્યુ હતું કે, 30થી 40 લોકો મને માર મારવામાં આવ્યા હતાં, પરંતુ હું હાજર ના હોવાથી સાથી રૂમમેટને મારમાર્યો હતો. રૂમમેટ પણ જમ્મુ-કાશ્મીરનો જ હતો. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારીનો વીડિયો સામે આવ્યો છે. એલ.ડી. એન્જિયરિંગની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને મારવામાં આવ્યો છે. વિદ્યાર્થી સંગઠન દ્વારા જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થીને માર મારવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. વિદ્યાર્થી સંગઠનના લોકોએ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીને માર મારતા ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. શિક્ષણના ધામમાં મારામારીની ઘટના સામે આવતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે. વિદ્યાર્થી સંગઠનના લોકોએ મોઢે રૂમાલ બાંધીને હોસ્ટેલમાં આવી વિદ્યાર્થીને માર માર્યો હોવાની માહિતી સામે આવી રહી છે.

### તારા રૂમમેટને મારા મારવામાં આવ્યો છે

વધુમાં જણાવ્યું હતું કે, આજે સવારે હું બહાર હતો ત્યારે મને હોસ્ટેલમાંથી અન્ય મિત્રોએ ફોન કરીને કહ્યું કે તારા રૂમમેટને મારા મારવામાં આવ્યો છે. 30થી 40 જેટલા લોકો મોઢા પર રૂમાલ બાંધીને હોસ્ટેલમાં આવ્યા હતાં.

### વિદ્યાર્થીની ફરિયાદ અને નિવેદન નોંધવાની કામગીરી ચાલુ

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. બાવાએ જણાવ્યું કે, મારનાર શખ્સોએ કોને અને ક્યાં કારણથી હુમલો કર્યો તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. હાલ વિધાર્થીની ફરિયાદ અને નિવેદન નોંધવાની કામગીરી ચાલુ છે.

**ગ્રુપમાં મેસેજ કરવાની જેવી બાબતે બોલાચાલી થઈ હતી** એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતાં જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થી સંદીપ રાણાએ જણાવ્યું હતું કે, ગ્રુપમાં મેસેજ કરવાની જેવી બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખીને કેટલાક વિદ્યાર્થીઓએ ગઈકાલે મારવા માટે આવ્યા હતા.

# હવે ભદ્ર પરિસર ફેરિયા અને પાથરણાવાળાઓ માટે બંધ

### બેનર મારી સૂચના આપી; AMCએ બે વૈકલ્પિક પ્લોટ ફાળવ્યા છતાં 844 ફેરિયાઓ બેસવા તૈયાર નહીં



**અમદાવાદ, તા.28**

અમદાવાદના નગર દેવી ગણાતા ભદ્રકાળી મંદિરના પાસે આવેલા ભદ્ર પરિસરમાંથી પાથરણાંવાળાઓને હટાવી દેવામાં આવ્યા છે. કુલ 844 જેટલા કાયદેસર માન્યતા ધરાવનાર પાથરણા વાળાઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઢાલગરવાડ વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટ અને પાનકોર નાકા નજીક પાર્કિંગના પ્લોટમાં જગ્યા ફાળવવામાં આવી છે. જેની જાહેર સૂચનાના બેનર પણ ભદ્ર પરિસરમાં લગાવી દેવામાં આવી છે. જોકે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે ફાળવવામાં આવેલા બંને પ્લોટમાં પાથરણાંવાળા બેસવા માટે તૈયાર નથી. દિવાળી પહેલાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્લોટ ફાળવી દેવામાં આવ્યા હોવા છતાં પણ પાથરણાંવાળાઓ પ્લોટમાં બેસવા તૈયાર ન થતા હવે બેનર મારીને જાણ કરી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા જે હુકમ આપવામાં આવ્યો હતો તેના ભાગરૂપે ભદ્ર પરિસરમાં બેસતા ફેરિયાઓને વૈકલ્પિક વ્યવસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી. જેમાં પાનકોર નાકા નજીક અને ટાલગરવાડમાં એમ બે જગ્યાએ તેઓને પ્લોટ ફાળવવામાં આવ્યા છે. જો કે બંને પ્લોટમાં બેસવા માટે ફેરિયાઓને સમજાવવામાં આવ્યા છે અને વારંવાર તેઓને સૂચના પણ આપવામાં આવી છે છતાં પણ હજી સુધી તેઓ દ્વારા પ્લોટનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો નથી. જેથી ફેરિયાઓને અને જાહેર જનતાને આ બાબતે જાણ થાય તેના માટે ભદ્ર પરિસરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર સૂચના અંગેના બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. શહેરના લાલ દરવાજા વિસ્તારમાં નગરદેવી ભદ્રકાળીનું મંદિર આવેલું છે. આ મંદિર પાસે ભદ્ર પરિસર આવેલું છે ભદ્ર પરિસરમાં વર્ષોથી સેવા અને સેલો એમ બે સંસ્થાના કુલ 844 ફેરિયાઓ ધંધો કરતા હતા. ભદ્ર પરિસરમાં મંદિરે દર્શન કરવા આવનારા લોકોને અવરજવરમાં તકલીફ પડતી હતી તે રીતે ફેરિયાઓ બેસતા હતા. આ ઉપરાંત કાયદેસરના ફેરિયાઓની સાથે ગેરકાયદેસર રીતે પણ કેટલાક એરિયાઓ બેસી જતા હતા જેના કારણે આખું ભદ્ર પરિસર ફેરિયાઓથી ઉભરાઈ ગયું હતું અને ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. લોકો ત્યાંથી વાહન લઈને નીકળી શકતા નહોતા એવી રીતે ફેરિયાઓએ ત્યાં ગેરકાયદેસર દબાણ કરી લીધું હતું. નગર દેવીના મંદિરે દર્શનાર્થે આવતા ભક્તોને પણ અવરજવરમાં તકલીફ પડતી હતી. વાહન લઈને આવી શકતા નહોતા જેથી ટ્રાફિકની સમસ્યાથી લઈ તમામ અસુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેઓને ભદ્ર પરિસરમાંથી દૂર કરવામાં આવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માટે સૂચના આપી હતી. જેથી દિવાળીના સમયથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાનકોર નાકા અને ઢાલગરવાડ ખાતે બે પ્લોટ ફાળવવામાં આવ્યા છે.

# GPSCના 67 વિભાગમાં 378 જગ્યા પર ભરતી

### આવતીકાલે ઓનલાઈન અરજી કરી શકાશે, જાણો અરજી કરવાની છેલ્લી તારીખ

**અમદાવાદ, તા. 28**

ગુજરાતમાં સરકારી નોકરીની તૈયારી કરતા લાખો યુવા ઉમેદાવારો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્યના 67 વિવિધ વિભાગમાં કુલ 378 જગ્યા ભરવા માટે મેગા ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ સ્પર્ધાત્મક પરીક્ષા આપતા ઉમેદવારોમાં ખુશીની લાગણી વ્યાપી છે. GPSC દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ રાજ્યના જુદા જુદા વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે અરજી પ્રક્રિયા શરૂ કરાઈ છે. લાયકાત, પે-સ્કેલ, કેટેગરી મુજબના રિઝર્વેશન અને પરીક્ષા સંબંધિત તમામ વિગતો GPSCની સત્તાવાર વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરવાની શરૂઆત આવતીકાલથી થશે. જ્યારે ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ 13 ડિસેમ્બર છે. GPSCએ ઉમેદવારોને અપીલ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા દિવસ સુધી રાહ ન જોતાં વહેલી તકે અરજી પૂર્ણ કરી દેવી, જેથી ટેક્નિકલ સમસ્યાના કારણે અવરોધ ન આવે. અરજી કરતાં પહેલાં નોટિફિકેશન સંપૂર્ણ રીતે વાંચવું અને લાયકાતની પુષ્ટિ કરવી જરૂરી છે. ભરતી સંબંધિત સંપૂર્ણ માહિતી, સિલેબસ, પસંદગી પદ્ધતિ વગેરે વિગતો GPSC વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

# 22 કિમી લાંબી ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટના ફેઝ 2ને મંજૂરી



**અમદાવાદ, તા.28**

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં 22 કિલોમીટર લાંબી ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટના ફેઝ 2ની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. નરોડા સ્મશાનગૃહથી SP રિંગ રોડ, વિંઝોલ વહેળાથી ઘોડાસર આવકાર હોલ થઈ વટવાથી રિંગ રોડ સુધી કેનાલને ઢાંકી દેવામાં આવશે. રૂ. 1100 કરોડના ખર્ચે આ કેનાલ ડેવલપ કરવામાં આવશે. કેનાલને બંધ કરી તેના પર રોડ બનાવી દેવામાં આવશે. ખારીકટ કેનાલ ફેઝ 2 ડેવલોપમેન્ટના કારણે પૂર્વ વિસ્તારના નાગરિકોને વડોદરા એક્સપ્રેસ વે જવામાં સરળતા રહેશે. નરોડાથી વિંઝોલ સુધીના 12 કિલોમીટર લાંબા ખારીકટ કેનાલ ફેઝ 1 કામગીરી ચાલુ છે અને 31 ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની છે ત્યારે હવે ફેઝ 2ની કામગીરી શરૂ થતાં 25 લાખથી વધુ નાગરિકોને લાભ મળશે. પ્રથમ તબક્કાની કામગીરીમાં સામેલ લંબાઈ બાદ બાકી રહેતી એસ.પી.રીંગ રોડથી મુઠીયા ડ્રેઈન થઈ નરોડા મુક્તિધામ સુધી, વિંઝોલ વહેળાથી ઘોડાસર આવકાર હોલ થઈ વટવા ગામ થઈ એસ.પી.રીંગ રોડ સુધી તથા વટવા ગામથી રોપડા તળાવ થઈ ખારીનદી સુધીનાં એક્ષટેન્શન સાથે કુલ મળી આશરે 22.41 કિમી લાંબી ખુલ્લી કેનાલને ઢાંકવામાં આવશે. કેનાલમાં ઉપલબ્ધ પહોળાઈ મુજબ અમુક હિસ્સામાં આર.સી.સી. સ્ટોર્મ વોટર બોક્ષ સહિત કેનાલ બોક્ષ સ્ટ્રક્ચર, અમુક હિસ્સામાં માત્ર કેનાલ બોક્ષ સ્ટ્રક્ચર અને અમુક હિસ્સામાં માત્ર સ્ટોર્મ વોટર કેનાલ બોક્ષ સ્ટ્રક્ચરમાં આર.સી.સી. બોક્ષ સ્ટ્રક્ચરનું બાંધકામ કરી તેનાં પરથી રસ્તો બનાવવામાં આવશે. જેના માટેની ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલી હતી. જેનો અંદાજિત ખર્ચ રૂ. 979 કરોડ થતો હતો. ટેન્ડરમાં 9 જેટલા બિડર સામેલ થયા હતા. કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ - ફુજી સિલ્વર ટેક કોંક્રિટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અંદાજિત ઓછા ભાવ રૂ. 829.92 કરોડનો ભાવ ભરવામાં આવ્યો હતો. કન્સલટન્ટ દ્વારા પ્રૂફ ચેકીગ, ડિઝાઈન કન્સલ્ટન્ટ અને પીએમસી કંપની સહિતનો કુલ 1061 કરોડનો ખર્ચ થશે. કુલ 8 ભાગમાં કામગીરી કરવામાં આવશે. અલગ અલગ 8 જગ્યા પર કામગીરી થશે. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી 142 વર્ષ જૂની 12 કિલોમીટર લાંબી ખારીકટ કેનાલ હવે ભૂતકાળ બની જશે. ખારીકટ કેનાલને સંપૂર્ણપણે ઢાંકી તેના ઉપર રોડ બનાવી લોકોને વર્ષો જૂની ખારીકટ કેનાલની ગંદકીમાંથી મુક્તિ મળી છે. શહેર અને મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સૌથી મોટો પ્રોજેક્ટ એવો રૂ.1200 કરોડના ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિરીક્ષણ કર્યું હતું. નરોડા વિસ્તારમાં પદ્માવતી સોસાયટીથી લઈ નવયુગ ચાર રસ્તા સુધી સંપૂર્ણપણે કેનાલને ઢાંકી તેના ઉપર રોડ બનાવવામાં આવ્યો છે. ખારીકટ કેનાલ ઉપર બનાવવામાં આવેલા રોડ ઉપર મુખ્યમંત્રી દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમી યુવતી સામે ભડભડ સળગ્યો, યુવતીના નોકરીના સ્થળે જઈ પેટ્રોલ છાંટ્યું



**અમદાવાદ, તા.28**

અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી ગઈરાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી યુવતી સાથેની તકરારના પગલે ઉશ્કેરાઈને યુવતીના કાર્યસ્થળે જ પોતાના શરીર પર પેટ્રોલ છાંટી લાઈટરથી આગ લગાવી દીધી હતી. એ બાદ આગ લાગેલી સ્થિતિમાં પહેલા માળેથી નીચે પટકાયો હતો. સળગતી હાલતમાં રોડ પર તરફડિયાં મારતો હોય એવાં દૃશ્યો સામે આવ્યાં હતાં. આ ઘટનામાં યુવતીને પણ ઈજા પહોંચી હતી, જ્યારે ગંભીર રીતે દાઝી ગયેલા યુવકનું વહેલી સવારે સારવાર દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં રહેતી 28 વર્ષની યુવતી ખાનગી હોસ્પિટલમાં નોકરી કરે છે. યુવતીના પાડોશમાં રહેતો કામરાન નામનો યુવક તેને છ મહિનાથી હેરાન કરતો હતો અને એકતરફી પ્રેમમાં પાગલ હતો. ગઈકાલે 27 નવેમ્બરના રોજ રાતે 8:30 વાગ્યે કામરાન હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો અને યુવતી સાથે બોલાચાલી કરી હતી. હોસ્પિટલમાં માથાકૂટ કર્યા બાદ યુવકે તોડફોડ કરી અચાનક જ તેણે પોતાના શરીર ઉપર જાતે જ પેટ્રોલ નાખીને લાઈટરથી આગ લગાવી દીધી હતી. પહેલા માળે આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. યુવતી પણ આગ લાગતાં બેભાન થઈ ગઈ હતી.

# બનાસકાંઠામાં કમોસમી વરસાદ, રોડ પર પાણી

**પાલનપુર, તા.28**

રાજ્યમાં હજુ શિયાળાની કડકડતી ઠંડીની બરોબર શરૂઆત થઈ નથી, ત્યાં ફરી એકવાર કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. ડિસેમ્બરમાં 10 દિવસ માવઠું વરસી શકે છે. જૂનાગઢના વંથલીના આગાહીકાર રમણિક વામજાએ જણાવ્યું હતું કે માગશર મહિનાની અંદર 7થી 10 ડિસેમ્બર સુધીમાં હવામાનમાં પલટો આવશે અને માવઠાં રૂપી વરસાદ થશે. બીજું માવઠું 23થી 28 ડિસેમ્બરના સમય વચ્ચે સમગ્ર સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો આવશે. આ સમયમાં ગાઢ ધુમ્મસ અને વરસાદી ઝાપટારૂપી વરસાદ થશે. આ કમોસમી વરસાદથી ઘાસચારો બગડશે. ભરશિયાળે વરસાદની આગાહી વચ્ચે પાલનપુરના કેટલાક ભાગોમાં ધીમીધારે કમોસમી વરસાદ વરસ્યો છે. પાલનપુર, સહિત અનેક પંથકોમાં કમોસમી વરસાદ પડ્યો છે. જેને લઈ ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ સેવવામાં આવી રહી છે. આ વરસાદથી ઘઉં, ચણા અને ધાણા જેવા પાકોને નુકસાન થવાની સંભાવના છે. ઠંડીની આગાહી કરતા હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ.કે. દાસે જણાવ્યું હતું કે રાજ્યમાં તાપમાનમાં વધુ ફેરફાર નહીં થાય.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




